
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૦ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૧૬



તહાં ઇન્દ્ર સુરહી જાય પૂજૈં મનુષ કો મૌસર કહાં,
ઇમ જાન નન્દીશ્વર તનૈં જિનથાન અર્ઘ જજો ઇહાં.



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● તે મૂર્ખ ગ્રંથરચના કરે છે, ધર્મની ચર્ચા કરે છે. શુભ-અશુભ ક્રિયાને જાણે છે, યોગ્ય વ્યવહાર રાખે છે, સંતોષને સંભાળે છે, અર્હંત ભગવાનની ભક્તિ કરે છે, સારો ઉપદેશ આપે છે, આપ્યા વિના લેતો નથી, બાહ્ય પરિગ્રહ છોડીને નગ્ન ફરે છે, અજ્ઞાનરસમાં ઉન્મત્ત થઈને બાળતપ કરે છે, તે મૂર્ખ આવી ક્રિયાઓ કરે છે પરંતુ આત્મસત્તા અને અનાત્મસત્તાનો ભેદ જાણતો નથી. ૧૫૫૭.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, ૫૬-૯)

● યદિ કુલાચલ પર્વતોંકે સહિત સાતદ્વીપકી પૃથ્વી ભી દાન કર દી જાય તો ભી એક પ્રાણીકો મારનેકા પાપ દૂર નહિ હો સકતા હૈ. ભાવાર્થ—સમસ્ત દાનોંમેં અભયદાન પ્રધાન હૈ. ક્યોંકિ એક પ્રાણીકે ઘાતસે હુઆ પાપ સાત દ્વીપ ઔર કુલાચલો સહિત પૃથ્વી દાન કરનેસે ભી દૂર નહીં હોતા. ૧૫૫૮.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮, શ્લોક-૩૪)

● ઈસ લોકમેં સ્વાધીન સુખ હૈ વહી સુખ હૈ, પરાધીન સુખ સુખ  નહીં હૈ, ઐસા ભલે પ્રકાર જાનતે હુએ મનુષ્ય ક્યોં ઈન્દ્રિયસુખમેં મોહ કરતે હૈં ? ૧૫૫૯.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૦૩)

● જિસમેં સમસ્ત પ્રકારકે વિચાર કરનેકી સામર્થ્ય હૈં, તથા જિસકા પાના દુર્લભ હૈ ઐસે મનુષ્યજન્મકો પાકર ભી જો અપના હિત નહીં કરતે, વે અપને ઘાત કરનેકે લિયે, વિષવૃક્ષકો બઢાતે હૈં. ૧૫૬૦.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨, શ્લોક-૨૯)

● દાનસે નિયમ કરકે પાંચ ઈન્દ્રિયોંકે ભોગ પ્રાપ્ત હોતે હૈં, ઔર તપસે ઈન્દ્રપદ મિલતા હૈ, તથા વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે જન્મ-જરા-મરણસે રહિત જો મોક્ષપદ વહ મિલતા હૈ. ૧૫૬૧. (શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૭૨)

● હે ભવ્ય ! ઈંધનના યોગથી અગ્નિ પ્રજ્વલિત થાય છે અને ઈંધન વિના આપોઆપ બુઝાઈ જાય છે, પણ અનાદિ મોહાગ્નિ તો એટલો પ્રબળ છે કે તે પરિગ્રહાદિ ઈંધનની પ્રાપ્તિમાં તૃષ્ણારૂપ જ્વાળાથી અતિશય ભભુકે છે અને તેની અપ્રાપ્તિમાં પ્રાપ્ત કરવાની વ્યાકુળતાથી પ્રજ્વલે છે. આ રીતે અતિ પ્રબળ એવો મોહાગ્નિ બંને પ્રકારે જીવને બાળે છે તેથી મોહાગ્નિ જેવો આ જગતમાં બીજો કોઈ ભયંકર અગ્નિ નથી. ૧૫૬૩. (શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૫૬)

વર્ષ–૧૦
અંક–૧૧




વિ. સંવત
૨૦૭૨
July
A.D. 2016




# આત્માનો સ્વભાવ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(તા. ૧-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૧૨
(ગાથા ૧૩)

હવે તેરમી ગાથામાં દર્શનઉપયોગના ભેદ કહે છે :—

तह दंसणउवओगो ससहावेदरवियप्पदो दुविहो।
केवलमिंदियरहियं असहायं तं सहावमिदि भणिदं॥१३॥

तथा दर्शनोपयोगः स्वस्वभावेतरविकल्पतो द्विविधः।
केवलमिन्द्रियरहितं असहायं तत् स्वभाव इति भणितः॥१३॥

આ વાત બહુ ઝીણી છે, આત્મામાં એક દૃષ્ટા શક્તિ છે તેને દર્શન કહેવાય છે. જ્ઞાનાવરણીય કર્મના નિમિત્તે રોકાણું તે જ્ઞાન અને દર્શનાવરણીય કર્મના નિમિત્તે રોકાણું તે દર્શન એમ કહેવાય છે. ખરેખર જીવ જ્યારે પોતાના ઊંધા પુરુષાર્થથી રોકાય છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે.

જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે, તે આત્માને જાણે છે, દર્શનને જાણે છે, બધા ગુણોને જાણે છે, વિકારી પર્યાયને જાણે છે, ઊણી પર્યાયને જાણે છે, પૂરી પર્યાયને પણ જાણે છે એમ બધા પ્રકારને જ્ઞાન જાણે છે. દર્શન એટલે જાણવા પહેલાં આત્માનો વેપાર થાય છે તે દર્શનઉપયોગ છે, તે બધા આત્માને થઈ રહ્યો છે. અંદર આત્મામાં સ્વને અને

**શ્રમણો પ્રતિ વંદન, નમન, અનુગમન, અભ્યુત્થાન ને**
**વળી શ્રમનિવારણ છે ન નિંદિત રાગયુત ચર્યા વિષે. ૨૪૭.**　　**–શ્રી પ્રવચનસાર**

પરને જાણવાનો વેપાર (જ્ઞાનોપયોગ) થાય છે તેના પહેલાં આત્માનો અંદર ચૈતન્ય વેપાર તે દર્શનઉપયોગ છે.

દર્શનઉપયોગ અને જ્ઞાનઉપયોગ તે આત્માનો ચૈતન્યવેપાર છે. તેમાં જ્ઞાનઉપયોગના ભેદ ગાથા ૧૨ માં કહ્યા : હવે દર્શનઉપયોગના બે ભેદ છે. ૧–સ્વભાવદર્શનઉપયોગ, અને ૨–વિભાવદર્શનઉપયોગ. ઈન્દ્રિયો અને મનના નિમિત્ત વગર જે એકલા આત્માથી જ થાય તે સ્વભાવદર્શનઉપયોગ છે. "આ લાકડું છે" એમ લાકડાં ઉપર નજર જાય છે અથવા કોઈ બોલે તે શબ્દ સાંભળવા તરફ લક્ષ જાય છે તે તો જ્ઞાનનો વેપાર છે; જ્ઞાન પોતાથી જાણે છે, લાકડાં ઉપર લક્ષ કરે છે અગર કોઈ બોલે છે તે ઉપર લક્ષ જાય છે તેથી જ્ઞાન થાય છે એવું નથી, પણ અંદર આત્મામાં આત્માથી જ્ઞાન થાય છે. કોઈએ બોલેલા 'લાકડાં' એવા શબ્દ ઉપર જ્ઞાનનું લક્ષ જતાં પહેલાં આત્માનો જે ચૈતન્ય વૈપાર થાય છે તે દર્શનઉપયોગ છે. દર્શન કહેતાં અહીં સમ્યગ્દર્શનનો વેપાર ન સમજવો, સમ્યગ્દર્શન તો આત્માના શ્રદ્ધા ગુણની પર્યાય છે, અને અહીં આત્માના દર્શનગુણના વેપારની વાત ચાલે છે.

જાણવાના ઘણા ભેદ લીધા હતા તેમ દર્શનના ઘણા ભેદ છે. પહેલાં કહ્યું હતું કે દર્શનમાં ભેદ નથી; વળી પાછા દર્શનના ભેદ લ્યે છે. જો કે દર્શનઉપયોગમાં ઘણાં પ્રકાર નથી, પણ જ્ઞાન પહેલાં દર્શનનો વેપાર થાય છે તેથી જેટલા જ્ઞાનના પ્રકાર પડે છે તેટલા દર્શનના પ્રકાર લીધા છે. ઉપયોગ દરેક જીવને સમયે સમયે થઈ રહ્યો છે, છતાં તેની ખબર નથી, અને "એકલી ઊજ્જડ ગામની ભરી" એના જેવું જીવે કર્યું છે. એક ખેડૂત એક ગામથી બીજે ગામ જતો હતો, વચ્ચે ઊજ્જડ ગામ આવ્યું ત્યાં ખાલી જમીન પડેલી. ખેડૂતે તે માપવા માંડી કે કેટલા હાથ છે? ગામમાં આવી બીજાને તે જમીનના માપની વાત કરી તો તેને પૂછ્યું કે તે જમીન તારે લેવી છે કે બીજાને? (કેમ કે લેવાનો વિચાર હોય ત્યારે માપ કરેને?) પણ પેલો ખેડૂત તો કહે–કોઈને લેવી નથી, હું તો મફતનો માપ કરી આવ્યો. તેમ આત્માને સમજ્યા વિના પોતે પરનું બધું ભરી આવ્યો. જગતના માણસો પોતાના આત્માનો વેપાર અંદર શું છે તેને માપતા નથી અને સંસારનું બીજું માપ કાઢવું હોય તો તૈયાર! પણ જેના સરવાળે શૂન્ય અને શરૂઆત પણ શૂન્ય તેનું માપ કરી કરીને અનંતકાળ કાઢ્યો છતાં તેને જ માપ્યા કરે છે, પણ આત્મા શું વસ્તુ છે તેનું સાચું માપ કાઢતો નથી, એજ મહાન ભૂલ છે.

**ઉપદેશ દર્શનજ્ઞાનનો, પોષણ-ગ્રહણ શિષ્યો તણું,**
**ઉપદેશ જિનપૂજા તણો—વર્તન તું જાણ સરાગનું. ૨૪૮. –શ્રી પ્રવચનસાર**

આત્માનું માપ કઈ રીતે થાય છે તે અહીં કહેવાય છે. આત્માની અંદર બે પ્રકારના ઉપયોગ છે ૧—દર્શનઉપયોગ, ૨—જ્ઞાનઉપયોગ; તેમાં જ્ઞાન ઉપયોગની વાત તો કરી. હવે દર્શનઉપયોગની વાત ચાલે છે. જાણવું તે તો વિશેષ ઉપયોગ (જ્ઞાન) છે, જાણવા પહેલાં સામાન્ય ઉપયોગ થાય છે તે દર્શનઉપયોગ છે; દર્શનમાં ભેદ હોય નહીં, પણ જ્ઞાનમાં ભેદ પડે છે તેથી દર્શનમાં પણ ભેદ લીધા છે. દર્શન એટલે દેખવાનો ભાવ; આંખથી દેખવું તે દર્શન નહીં. 'આ રૂપ છે' એમ જણાય તે તો જ્ઞાન થઈ ગયું, પણ 'આ રૂપ છે' એમ તેને જાણતાં પહેલાં આત્માનો વેપાર તે દર્શનઉપયોગ છે, તેના સ્વભાવદર્શનઉપયોગ અને વિભાવદર્શનઉપયોગ એવા બે ભેદ છે. જ્ઞાનનો સ્વભાવ—સ્વપરને ભેદરૂપ જાણવાનો છે; પોતાને, પરને, શુદ્ધતાને અને રાગને સ્વ-પરના ભેદથી જાણવાનો તેનો સ્વભાવ છે, દર્શનમાં બે ભેદ હોય નહીં. આ બધું જાણે તો આત્માનો મહિમા આવે અને સાચા જ્ઞાનવડે આત્માનું માપ થાય.

અહોહો! શું વસ્તુ સ્વરૂપ છે! માણસોને ધર્મ કરવો છે પણ ધર્મ ક્યાં છે તેની ખબર નથી, સમજણ નથી. આત્મા પોતે એકરૂપ વસ્તુ છે તેની શુદ્ધપર્યાય એ જ ધર્મ છે. જેટલા સિદ્ધભગવાન થયા તે કોઈ પુણ્યપાપની ક્રિયાથી થયા નથી પણ આત્મામાંથી જ તે પર્યાય પ્રગટ કરી થયા છે. ઊંધી માન્યતારૂપ સંસાર પણ આત્મામાં જ હતો, અને સાચું ભાન કરીને નિર્મળ પર્યાય પણ આત્મામાંથી જ કાઢી.

આત્મામાં દેખવાનો ત્રિકાળી સ્વભાવ છે, તેના બે ભેદ છે; એક સ્વભાવદર્શનઉપયોગ, બીજો વિભાવદર્શનઉપયોગ. સ્વાભાવિકદર્શન તે તો દેખવું સ્વભાવ છે, તે સ્વભાવદર્શનઉપયોગના બે ભેદ છે ૧—કારણસ્વભાવદર્શનઉપયોગ અને ૨—કાર્યસ્વભાવદર્શનઉપયોગ.

હવે કારણસ્વભાવદર્શનઉપયોગનું સ્વરૂપ કહે છે :—અહીં ફેર એટલો છે કે જે દર્શનઉપયોગ છે તેને, અને કારણદૃષ્ટિ જે એક ધ્રુવરૂપ—શ્રદ્ધારૂપ ત્રિકાળસ્વભાવ છે (કે જેના ઉપર મીટ માંડવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે) તેને એક લીધાં છે. આત્માનો (દેખવાનો) ધ્રુવરૂપ સમય પૂરતો અવિચળ શાશ્વત દર્શનવેપાર છે.

કારણસ્વભાવદૃષ્ટિ એટલે શું? જે શ્રદ્ધાગુણ ત્રિકાળ છે તે ગુણ નહિ પણ તેનો વર્તમાનવેપાર—અંદર એકરૂપ ધ્રુવરૂપ છે, તેને અહીં શ્રદ્ધારૂપ લીધેલ છે. શ્રદ્ધા કહેતાં સમ્યગ્દર્શનપર્યાય નહીં પણ જે દર્શનઉપયોગ એકરૂપ સામાન્ય છે તેને શ્રદ્ધારૂપ વર્ણવ્યું

**વણ જીવકાયવિરાધના ઉપકાર જે નિત્યે કરે**
**ચઉવિધ સાધુસંઘને, તે શ્રમણ રાગપ્રધાન છે. ૨૪૯.** **–શ્રી પ્રવચનસાર**

છે. અને તેમાં આ કારણસ્વભાવદષ્ટિરૂપ સામાન્ય નાંખ્યું છે, બંને સામાન્યને અભેદરૂપ વર્ણવ્યા. આ કાંઈ કેવળીભગવાનને સમજાવતા નથી પણ અજ્ઞાનીને સમજવા માટે કહે છે. આ સમજ્યા વગર ધર્મ થશે નહિ; આ કહીને ધર્મ (વસ્તુનું સ્વરૂપ) કેવી રીતે છે તે સમજાવે છે.

આત્મામાં દર્શનગુણ છે, જ્યારે પોતાના ઊંધા પુરુષાર્થથી પોતાના કારણે દર્શનની પર્યાય રોકાય ત્યારે દર્શનાવરણીયકર્મ નિમિત્તરૂપ કહેવાય છે; પરંતુ અહીં તો કર્મની અપેક્ષાથી પાર દર્શનનો એકરૂપ ધ્રુવવેપાર તેને કારણસ્વભાવદષ્ટિ કીધી છે. કારણસ્વભાવદષ્ટિ એટલે—આત્મામાં શ્રદ્ધાગુણ છે તે નહિ, સમ્યક્શ્રદ્ધા કે મિથ્યાશ્રદ્ધા એ બે ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયો છે તે પણ નહિ, 'હું દર્શન છું' એવો વિકલ્પ ઊઠે છે તે રાગ છે—તે પણ નહિ અને ચક્ષુદર્શન—અચક્ષુદર્શન વગેરે અવસ્થા છે તે પણ નહિ, પરંતુ તે બધાને મૂકીને દર્શનનો નિરપેક્ષ કાયમી વેપાર તે કારણસ્વભાવદષ્ટિ છે. કારણરૂપદષ્ટિ શ્રદ્ધામાત્ર છે તે નિજરૂપ પોતાને જ દેખે છે; તેમાં ઉત્પાદ-વ્યયરૂપ વેપાર નથી છતાં તે ધ્રુવરૂપ-પર્યાય છે.

શરીરને આત્મા માને કે પુણ્ય-પાપને પોતાનું સ્વરૂપ માને તે અજ્ઞાન છે—તે નહિ, 'હું દર્શન છું' એવો વિકલ્પ ઊઠે તે નહિ અને ચક્ષુદર્શન—અચક્ષુદર્શનાદિ અવસ્થાના ભેદ તે પણ નહિ, પરંતુ એકરૂપ દર્શન (દષ્ટાશક્તિ) તેની જે એકરૂપ ધ્રુવરૂપદષ્ટિ તે કારણદર્શનઉપયોગ છે. જેવી આત્માની શ્રદ્ધા એકરૂપ ધ્રુવરૂપ વર્તમાન છે તેવો ત્રિકાળ દર્શનઉપયોગ એકરૂપ ધ્રુવરૂપ વર્તમાન છે. આત્માનો શ્રદ્ધાગુણ અને દર્શનગુણ અભેદદષ્ટિમાં એકરૂપ લેવાય છે.

આચાર્યદેવ પોતે કહે છે કે 'આ બ્રહ્મમય ઉપદેશ કર્યો છે' આત્મા સહજ ત્રિકાળી એકરૂપ, દ્રવ્ય-ગુણ-પર્યાય તે પણ એકરૂપ, શ્રદ્ધા પણ એકરૂપ અને તેનો વર્તમાન ઉપયોગ પણ ધ્રુવરૂપ ત્રિકાળ એકરૂપ—એમ બધું ધ્રુવરૂપે એકરૂપ છે, તે સ્વરૂપ અહીં બતાવ્યું છે. આ પ્રથમની વાત છે, શરૂઆતનો એકડો છે. જેણે આ કદી સાંભળ્યું પણ ન હોય અને ક્યાંક બહારમાં ધર્મ માન્યો હોય તેને આ વાતની શું ખબર પડે?

આ એકરૂપ ધ્રુવ ત્રિકાળી નિરપેક્ષ ઉપયોગરૂપ કારણદષ્ટિ સદા પવિત્રરૂપ છે; પરમઉપયોગ ત્રિકાળ પવિત્ર છે. અપવિત્રતા ટાળીને પવિત્ર થવું તે તો અપેક્ષિત પર્યાયમાં છે. જેમ સ્ફટિકમાં સ્વચ્છતા સદાય ભરી છે તેમ આત્મામાં એકરૂપ ઉપયોગ સદા પવિત્રરૂપ જ છે. કારણદર્શનઉપયોગ અને કારણશ્રદ્ધાઉપયોગ તે બંને સદા પવિત્રરૂપ ઉપયોગ છે. (ક્રમશઃ)



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## ૪. એકત્વાનુપ્રેક્ષા

इक्को जीवो जायदि इक्को गब्भम्मि गिह्लदे देहं ।
इक्को बालजुवाणो, इक्को वुड्ढो जरागहिओ ।।७४।।

**અર્થ :—**જીવ છે તે એકલો ઊપજે છે, તે એકલો જ ગર્ભમાં દેહને ગ્રહણ કરે છે, તે એકલો જ બાળક થાય છે, તે એકલો જ યુવાન અને તે એકલો જ જરાવસ્થાથી ગ્રસિત વૃદ્ધ થાય છે. ૭૪.

આ જગતમાં જીવ એકલો ઊપજે છે, તેની સાથે બીજું કોઈ ઊપજતું નથી. બે ભાઈ સાથે જન્મે અથવા ગલૂડિયા સાથે જન્મે તોપણ દરેક જીવ એકલો જન્મે છે, તે જીવ ગર્ભમાં દેહને ધારણ કરે છે, તૈજસ, કાર્મણ શરીર તો સાથે હોય છે, પણ ઔદારિક શરીર ધારણ કરે છે. અહીં મનુષ્યની વાત લીધી છે. તે જ જીવ બાળક થાય છે, આત્માની અવસ્થા તેવી જ હોય છે, તે વખતે તેને એમ લાગે છે કે હું બાળક છું, હું રમતિયાળ છું વગેરે કલ્પના કરે છે ને જુવાન શરીર થાય ત્યારે આત્માના પ્રદેશો પણ તે મુજબ થાય છે, તે જ જીવ વૃદ્ધાવસ્થામાં પણ એકલો છે, શરીર ચાલે નહિ, આંખે દેખાય નહિ વગેરે અવસ્થાઓમાં જીવ એકલો જુદી જુદી અવસ્થા ધારણ કરે છે; પણ હું એકલો ચિદાનંદ છું, રાગ વિનાનો છું એમ સમજણ કરી સ્વહિત સાધતો નથી. ખાલી વૈરાગ્યપૂર્વક ઓઘે ઓઘે હું એકલો છું, એમ બોલે તો તે પણ વ્યર્થ છે. હું શુદ્ધ આત્મા છું એવા ભાનપૂર્વક એકલાપણાની ભાવના ભાવે તે યથાર્થ છે.

इक्को रोई सोई, इक्को तप्पेइ माणसे दुक्खे ।
इक्को मरदि वराओ, णरयदुहं सहदि इक्को वि ।।७५।।

**અર્થ :—**જીવ એકલો જ રોગી થાય છે, જીવ એકલો જ શોકાર્ત થાય છે, જીવ એકલો જ માનસિક દુઃખથી તપ્તાયમાન થાય છે, જીવ એકલો જ મરે છે અને જીવ એકલો જ દીન બની નરકનાં દુઃખો સહન કરે છે. ૭૫.

**વૈયાવૃતે ઉદ્યત શ્રમણ ષટ્ કાયને પીડા કરે**
**તો શ્રમણ નહિ, પણ છે ગૃહી; તે શ્રાવકોનો ધર્મ છે. ૨૫૦.** —શ્રી પ્રવચનસાર

એક જ જીવ રોગી થાય છે, તેના રોગમાં બીજો સહાય કરતો નથી, ક્ષય રોગ થાય તેને તે પોતે ભોગવે છે ને પોતે દિલગીરી કરે છે. એકલો જ ચિંતા કર્યા કરે છે. આવા પ્રસંગો અનંતીવાર પ્રાપ્ત થયા છે. જગત આખું બળતરામાં સળગી રહ્યું છે. પોતે શોક કરે છે પણ પરથી જુદા શુદ્ધ ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા કરતો નથી. મૃત્યુ વખતે કોઈ સહાય આપી શકતું નથી. રાંકો થઈ સહન કરે છે. નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગર સુધીનું છે ત્યાં સુધી ત્યાં દુઃખ ભોગવે છે તે દુઃખને તે વેદે અથવા કેવળી જાણે, તેની વેદના બીજો જાણી શકે નહિ, આવું અસહ્ય ને અકથ્ય દુઃખ છે. આવા દુઃખો જીવ એકલો સહન કરે છે.

**इक्को संचदि पुण्णं, इक्को भुंजेदि विविहसुरसोक्खं ।**
**इक्को खवेदि कम्मं, इक्को वि य पावए मोक्खं ।।७६।।**

**અર્થ :—**જીવ એકલો જ પુણ્યનો સંચય કરે છે, જીવ એકલો જ દેવગતિનાં સુખ ભોગવે છે, જીવ એકલો જ કર્મનો ક્ષય કરે છે, અને જીવ એકલો જ મોક્ષને પ્રાપ્ત કરે છે. ૭૬.

એક જ જીવ પુણ્યનો સંચય કરે છે, એકના પુણ્ય બીજાને કામ આવતાં નથી. પ્રવચનસારમાં કહ્યું છે કે આત્માનો સ્વભાવ એ જ બંધુ છે. આત્માની નિર્મળદશા એ આત્માની સ્ત્રી છે, આત્માના ગુણ જ આત્માનો સમાજ છે. બૈરાં, છોકરાં કુટુંબ વગેરે આત્માનાં નથી, જીવ જેવા શુભભાવ કરે તેવાં પુણ્ય બંધાય છે. કોઈ જીવ બીજાના પુણ્યમાં, નિર્જરામાં કે ધર્મમાં સહાયક નથી, તેમ જ કોઈ ક્ષેત્ર કે જીવ નિર્જરા કરાવતા નથી. પોતે એકલો કર્મની નિર્જરા કરે છે ને પોતે જ મોક્ષને પામે છે.

ભાવાર્થ :—પોતે જ જીવ પુણ્યોપાર્જન કરી સ્વર્ગ જાય છે ને પોતે પોતાનાં કર્મનો નાશ કરી મોક્ષે જાય છે. મરતી વખતે સાધ્ય રહે કે અસાધ્ય થાય, તોપણ એકલો પોતાની દશાને ભોગવે છે. એક જીવે રૂઢિ મુજબ આખી જિંદગી સામાયિક, પ્રૌષધ, પ્રતિક્રમણ આદિ કરેલ પણ આત્માનું ભાન ન હતું. મરવા ટાણે બીજાઓએ કહ્યું. કે ‘‘ભાઈ, મહાવીરનું નામ લ્યો,’’ ત્યારે તે બિમાર માણસે કહ્યું કે ‘‘મહાવીર અત્યારે નહિ, અત્યારે તો બહુ વેદના છે.’’ આખી જીંદગી સામાયિક કરેલ પણ મરણ ટાણે મહાવીરના નામ પ્રત્યે પણ અરુચિ થઈ આવી. જુઓ, આત્માના ભાન વિના કહેવાતી સામાયિકના ફળમાં

**છે અલ્પ લેપ છતાંય દર્શનજ્ઞાનપરિણત જૈનને**
**નિરપેક્ષતાપૂર્વક કરો ઉપકાર અનુકંપા વડે. ૨૫૧.　　　–શ્રી પ્રવચનસાર**

શાંતિ હોઈ શકે નહિ. દરેક જીવ પોતે કર્મ ઉપાર્જન કરે, પોતે ભોગવે ને પોતે કર્મનો નાશ કરી મોક્ષ જાય છે.

सुयणो पिच्छंतो वि हु, ण दुक्खलेसंपि सक्कदे गहिदुं ।
एवं जाणंतो वि हु, तो वि ममत्तं ण छंडेइ ।।७७।।

**અર્થ :—**સ્વજન અર્થાત્ કુટુંબી છે તે પણ આ જીવને દુઃખ આવતાં તથા તેને દેખવા છતાં પણ, તે દુઃખને લેશ પણ ગ્રહણ કરવાને અસમર્થ થાય છે. આ પ્રમાણે પ્રગટપણે જાણવા છતાં પણ આ જીવ કુટુંબ પ્રત્યેનું મમત્વ છોડતો નથી. ૭૭.

દીકરાને વ્યાધિ હોય તો બાપ તેનું દરદ લઈ શકતો નથી, રોગ આવે કે મરે તો એકલો બધું સહન કરે છે, કોઈ મદદગાર નથી. ''દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું ભાન જો'' દેહ રહિત એકલા ચૈતન્યનું ભાન કરે તો ધર્મ અને શાંતિ થાય તેમ છે. અન્ય કોઈ શરણભૂત નથી માત્ર એકલો દુઃખને જ ભોગવે છે. આવું પ્રગટ જુદાપણું હોવા છતાં પરથી હું ભિન્ન છું એવું ભાન કરતો નથી, ત્રણ લોકનો નાથ પણ સહાયક નથી. જેણે આખી જિંદગી ધર્મનો અભ્યાસ ન કર્યો ને આત્મા શું છે તે વિચાર્યું નહિ, તે મરણ વખતે શાંતિ રાખી શકશે નહિ, પણ જીવને મમત્વ છોડવું ગમતું નથી, નિવૃત્તિ લેવી ગમતી નથી. ઘણાં કામ લક્ષમાં લીધાં હોય તેથી મમતાની આડે હું ઘરડો થયો છું, એવું પણ તેને લાગતું નથી. ઘણાં દુઃખ સહન કરે પણ મમતાભાવને અજ્ઞાની જીવ છોડતો નથી.

હવે કહે છે કે—આ જીવને નિશ્ચયથી એક ધર્મ જ શરણ છે.

जीवस्स णिच्छयादो, धम्मो दहलक्खणो हवे सुयणो ।
सो णेइ देवलोए सो चिय दुक्खक्खयं कुणइ ।।७८।।

**અર્થ :—**આ જીવને પોતાનો ખરો હિતસ્વી નિશ્ચયથી એક ઉત્તમ ક્ષમાદિ દશલક્ષણધર્મ જ છે, કારણ કે તે ધર્મ જ દેવલોકને પ્રાપ્ત કરાવે છે તથા તે ધર્મ જ સર્વ દુઃખના નાશરૂપ મોક્ષને પ્રાપ્ત કરાવે છે. ૭૮.

આ લખનાર સ્વામિકાર્તિકેય મુનિ હતા. છઠ્ઠે, સાતમે ગુણસ્થાને બિરાજતા હતા, તેથી મુનિની પ્રધાનતાથી વાત કરી છે. આ જીવને ખરેખર હિતસ્વી તો ક્ષમાદિ દશ ધર્મો છે. પોતાના સ્વભાવમાં સ્થિરતા કરવી તે ઉત્તમ ક્ષમા છે. માણસો પરસ્પર એક બીજાને

આક્રાંત દેખી શ્રમણને શ્રમ, રોગ વા ભૂખ, પ્યાસથી,
સાધુ કરો સેવા સ્વશક્તિપ્રમાણ એ મુનિરાજની. ૨૫૨. –શ્રી પ્રવચનસાર

હિતસ્વી માને છે. વળી કહ્યું કે ધર્મ દેવલોકને પ્રાપ્ત કરાવે છે. ધર્મથી દેવલોક મળતો નથી, પણ પંચમ આરાના મુનિ છે. સંપૂર્ણ વીતરાગતા ને કેવળજ્ઞાન થઈ શકે તેમ નથી. સાધકદશામાં જે શુભરાગ આવે છે તેના વડે દેવલોક પામે છે. પોતામાં મહાવ્રત આદિનો રાગ તેમ જ બીજા પ્રત્યે ધર્મનો રાગ વર્તે છે તેવા શુભરાગના ફળમાં દેવગતિ પામે છે.

સાક્ષાત્ ચારિત્રધર્મ સર્વદુઃખનો નાશ કરાવી મોક્ષને પ્રાપ્ત કરાવે છે. લોકો માને છે તેવા ચારિત્રની વાત નથી, આત્મા શરીરના રજકણનો ને રાગનો જ્ઞાતા છે તેમ શ્રદ્ધા-જ્ઞાન કરી અંતર સ્થિરતા કરે તેને વીતરાગતા ને ચારિત્ર થાય, તે ધર્મ છે.

લોકો માને છે કે વેપારમાં ૫૦ વરસના ભાગીદાર હોય ને સાથે વેપાર કર્યો હોય તે હિતસ્વી ખરા કે નહિ ? ના. તે બધા જુદે જુદા છે. એક બીજાનું કાંઈ કરી શકે નહિ. અનાદિથી અત્યાર સુધી જીવે અજ્ઞાનનો વ્યાપાર કર્યો છે. જડ પદાર્થોનો વ્યાપાર કર્યો નથી, જ્ઞાન કે અજ્ઞાન તે ચૈતન્યને અનુસરીને થતા પરિણામ છે. ઉપયોગના બાર ભેદ છે તે બધા ચૈતન્યને અનુસરીને થતા પરિણામ છે. તે શાસ્ત્ર, ઈન્દ્રિયો કે ચશ્માને અનુસરીને થતા પરિણામ નથી. ઈન્દ્રિયો ને મનની સહાયતાથી મતિજ્ઞાન થાય છે, એમ વ્યાખ્યા આવે છે. તેમાં તો ઉપયોગ વખતે કોણ નિમિત્ત હતું તે બતાવે છે, પણ ઈન્દ્રિયો ને મનને લીધે જ્ઞાન થતું નથી. અહીં તો કહે છે કે બાર પ્રકારના ભેદો તો સ્વતંત્ર છે. તે ભેદ પણ આત્માનું ખરું સ્વરૂપ નથી, એકલો અભેદ આત્મા તે જ ખરું સ્વરૂપ છે તેના શ્રદ્ધા-જ્ઞાન કરવા જેવા છે ને તે જ હિતસ્વી છે.

“દર્શન—મોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ-ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.”

એકલા શુદ્ધ ચૈતન્યસ્વરૂપના જ્ઞાનની વાત કરી છે, માટે હે ભવ્યાત્મા ! તું શરીર અને ઈન્દ્રિયોથી આત્મા જુદો છે, એમ જાણ ! આત્માને (સ્વપણે) જાણતાં પરદ્રવ્યો (પરપણે) જણાઈ જશે, ભાવાર્થમાં કહ્યું છે કે :—ધર્મ સિવાય અન્ય કોઈ હિતસ્વી નથી, એકલા જીવને શરીરથી ભિન્ન જાણ. શરીર, મન, વાણી, ઈન્દ્રિયો ઉપરનું લક્ષ અને પુણ્ય-પાપના પરિણામ ઉપરનું લક્ષ છોડવા જેવું છે.

અખંડ જ્ઞાયકની રુચિ કર, એકલો અખંડ આત્મા જ ઉપાદેય છે, બાકી બધું છોડવાયોગ્ય છે.　　　　　　　　　　　　　　　　　　　　　　(ક્રમશઃ)

સેવાનિમિત્તે રોગી-બાળક-વૃદ્ધ-ગુરુ શ્રમણો તણી,
લૌકિક જનો સહ વાત શુભ-ઉપયોગયુત નિંદિત નથી. ૨૫૩.　　　–શ્રી પ્રવચનસાર

# મનુષ્યપણું પામીને કાં મુનિ થા, કાં દાન દે

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

જૈનધર્મનો ચરણાનુયોગ પણ અલૌકિક છે. દ્રવ્યાનુયોગના અધ્યાત્મનો અને ચરણાનુયોગના પરિણામનો મેળ હોય છે. દૃષ્ટિ સુધરે ને પરિણામ ગમે તેવા થયા કરે એમ ન બને. અધ્યાત્મની દૃષ્ટિ થાય ત્યાં દેવ-ગુરુની ભક્તિ, દાન, સાધર્મી પ્રત્યે વાત્સલ્ય વગેરે ભાવો સહેજે આવે જ. શ્રાવકના અંતરમાં મુનિદશાની પ્રીતિ છે એટલે હંમેશાં ત્યાગ પ્રત્યે લક્ષ રહ્યા કરે છે, ને મુનિરાજને દેખતાં ભક્તિથી એનાં રોમરોમ ઉલ્લસી જાય છે. ભાઈ! આવો મનુષ્ય અવતાર મળ્યો છે તો મોક્ષમાર્ગ સાધીને એને સફળ કર.

શ્રાવકનાં ધર્મોનું વર્ણન સર્વજ્ઞની ઓળખાણથી શરૂ કર્યું હતું, તેમાં આ દાનનું પ્રકરણ ચાલે છે. તેમાં કહે છે કે આવું દુર્લભ મનુષ્યપણું પામીને જેઓ મોક્ષનો ઉદ્યમ નથી કરતા, એટલે કે મુનિપણું પણ નથી લેતા ને દાનાદિ શ્રાવકધર્મનું પણ પાલન નથી કરતા, તેઓ તો મોહબંધનમાં બંધાયેલા છે—

(शार्दूलविक्रीडित)

ये मोक्ष प्रति नोद्यताः सुनृभवे लब्धेऽपि दुर्बुद्धयः
ते तिष्ठन्ति गृहे न दानमिह चेत्तन्मोहपाशो दृढः ।
मत्वेदं गृहिणा यथर्द्धि विविधं दानं सदा दीयतां
तत्संसारसरित्पतिप्रतरणे पोतायते निश्चितम् ।।१७।।

અર્થ :—ઉત્તમ મનુષ્યભવ પામીને પણ જે દુર્બુદ્ધિ મનુષ્ય મોક્ષના વિષયમાં ઉદ્યમ કરતા નથી તેઓ જો ઘરમાં રહેવા છતાં પણ દાન આપતા નથી તો તેમના માટે તે ઘર મોહદ્વારા નિર્મિત દૃઢ જાળ જેવું જ છે એમ સમજીને ગૃહસ્થ શ્રાવકે પોતાની સંપત્તિ અનુસાર સર્વદા અનેક પ્રકારનું દાન આપવું જોઈએ. કારણ એ છે કે તે દાન નિશ્ચયથી સંસારરૂપી સમુદ્ર પાર થવામાં નાવનું કામ કરે છે. ૧૭.

આવો ઉત્તમ મનુષ્યભવ પામીને પણ જે દુર્બુદ્ધિ જીવો મોક્ષનો ઉદ્યમ કરતા

આ શુભ ચર્યા શ્રમણને, વળી મુખ્ય હોય ગૃહસ્થને;
તેના વડે જ ગૃહસ્થ પામે મોક્ષસુખ ઉત્કૃષ્ટને. ૨૫૪. –શ્રી પ્રવચનસાર

નથી, ને ગૃહસ્થપણામાં રહીને દાન પણ દેતા નથી, તેઓનું ગૃહસ્થપણું તો દૃઢ મોહપાશ છે.—એમ સમજીને ગૃહસ્થોએ પોતાની ઋદ્ધિઅનુસાર વિવિધપ્રકારે દાન સદા કર્તવ્ય છે, કેમકે ગૃહસ્થને તે દાન સંસારસમુદ્રને તરવા માટે ચોક્કસ જહાજસમાન છે.

પ્રથમ તો આવું મનુષ્યપણું પામીને મુનિ થઈને મોક્ષનો સાક્ષાત્ ઉદ્યમ કરવા જેવું છે. તેટલી શક્તિ ન હોય તો ગૃહસ્થપણામાં રહી દાન તો જરૂર કરવું જોઈએ. એટલું પણ જે નથી કરતા ને સંસારના એકલા પાપમાં જ રચ્યાપચ્યા રહે છે તેઓ તો તીવ્રમોહથી સંસારની દુર્ગતિમાં રખડે છે—એનાથી બચવા માટે દાન તે ઉત્તમ જહાજસમાન છે. દાનમાં દેવ-ગુરુ-શાસ્ત્રના પ્રસંગની મુખ્યતા છે એટલે તેમાં ધર્મના સંસ્કાર રહ્યા કરે, ને રાગ ઘટતો જાય. અને આગળ જતાં મુનિપણું લઈને તે મોક્ષમાર્ગને સાધશે. શ્રાવકના અંતરમાં મુનિદશાની પ્રીતિ છે એટલે હંમેશાં ત્યાગ પ્રત્યે લક્ષ રહ્યા કરે છે; મુનિરાજને દેખતાં ભક્તિથી તેના રોમરોમ ઉલ્લસી જાય છે. મુનિપણાની ભાવનાની વાતો કરે ને હજી રાગ થોડોક ઘટાડવાનું પણ ઠેકાણું ન હોય, લોભાદિનો પાર ન હોય—એવા જીવને ધર્મનો ખરો પ્રેમ નથી. ધર્મી જીવ, મુનિ કે અર્જિકા ન થઈ શકે તેથી ભલે ગૃહવાસમાં રહ્યા હોય, પણ ગૃહવાસમાં રહ્યા છતાં એના આત્મામાં કેટલી ઉદાસીનતા હોય!!

અરે, આવો મનુષ્ય અવતાર મળ્યો છે, જૈનધર્મનો ને સત્સંગનો આવો ઉત્તમ યોગ મળ્યો છે, તો આત્માને સાધીને મોક્ષમાર્ગવડે તેને સફળ કર. સંસારના મોહમાં જ જીવન વીતાવે છે તેને બદલે અંતર્પ્રયત્નવડે આત્મામાંથી માલ કાઢ, આત્માનો વૈભવ પ્રગટ કર. ચૈતન્યના નિધાન પાસે જગતના બીજા બધા નિધાન તૂચ્છ છે. અહા, સંતોએ આવા ચૈતન્યનિધાન ખોલીને બતાવ્યા. તે જાણીને, પરિગ્રહ છોડીને આ ચૈતન્યખજાનો લેવા ન આવે એવા મૂર્ખ કોણ હોય? આવા ચૈતન્યનિધાન દેખ્યા પછી બહારના મોહમાં ફસ્યા રહે એવા મૂર્ખ કોણ હોય? કરોડો રૂપિયા આપવા છતાં જેના આયુષ્યનો એક સમય પણ વધી શકે નહિ—એવા આ કિંમતી મનુષ્યજીવનને જે વ્યર્થ ગુમાવે છે ને જન્મ-મરણના અંતનો ઉપાય નથી કરતો તે દુર્બુદ્ધિ છે. ભાઈ, આ આત્માને સાધવાનાં ટાણાં છે. તારા ખજાનામાંથી જેટલો વૈભવ કાઢ તેટલો નીકળે તેમ છે. અરે, આવો અવસર કોણ ગુમાવે? આનંદના ભંડાર ખૂલ્યા તો તે આનંદને કોણ ન લ્યે? મોટા—મોટા ચક્રવર્તીઓ ને નાનકડા રાજકુમારો એ ચૈતન્યખજાના લેવા માટે

**ફળ હોય છે વિપરીત વસ્તુવિશેષથી શુભ રાગને,**
**નિષ્પત્તિ વિપરીત હોય ભૂમિવિશેષથી જ્યમ બીજને. ૨૫૫. —શ્રી પ્રવચનસાર**

બહારના ખજાના છોડી-છોડીને વનમાં સીધાવ્યા ને અંતરમાં ધ્યાન કરી કરીને સર્વજ્ઞપદના અચિંત્ય નિધાન ખોલ્યા; તેમણે જીવનને સફળ કર્યું.

એ રીતે ધર્માત્મા તો આત્માના આનંદનો ખજાનો કેમ વધે તેના જ ઉદ્યમી છે. જે દુર્બુદ્ધિ જીવ એવો ઉદ્યમ નથી કરતો ને તૃષ્ણાની તીવ્રતાથી પરિગ્રહ જ ભેગો કર્યા કરે છે તેનું તો જીવન વ્યર્થ છે. દાન વગરનો ગૃહસ્થ તો મોહની જાળમાં ફસાયેલો છે. જેમ રસના-ઇન્દ્રિયનું તીવ્ર લોલુપી માછલું જાળમાં ફસાય છે, ને દુઃખી થાય છે તેમ તીવ્ર લોલુપી ગૃહસ્થ મિથ્યાત્વમોહની જાળમાં ફસાયેલો છે ને સંસારભ્રમણમાં દુઃખી થાય છે. આવા સંસારથી બચવા માટે તે દાન નૌકાસમાન છે. માટે ગૃહસ્થોએ પોતાની ઋદ્ધિના પ્રમાણમાં દાન કરવું જોઈએ.

'ઋદ્ધિના પ્રમાણમાં' એટલે શું? લાખો-કરોડોની મૂડીમાંથી પાંચ-દશ રૂપિયા ખરચે—તે કાંઈ ઋદ્ધિના પ્રમાણમાં ન કહેવાય. અથવા, બીજા કોઈ કરોડપતિએ પાંચહજાર વાપર્યા ને હું તો તેનાથી ઓછી મૂડીવાળો છું—માટે મારે તો તેનાથી ઓછું વાપરવું,—એવી સરખામણી ન કરાય. મારે તો મારો રાગ ઘટાડવા માટે કરવું છે ને? તેમાં બીજાનું શું કામ છે?

પ્રશ્ન :—અમારી પાસે ઓછી મૂડી હોય તો દાન ક્યાંથી કરીએ?

ઉત્તર :—ભાઈ, વિશેષ મૂડી હોય તો જ દાન થાય એવું કાંઈ નથી. વળી તું તારા સંસારના કાર્યોમાં તો ખર્ચ કરે છે કે નહિ? તો ધર્મકાર્યમાં પણ ઉલ્લાસ લાવીને, ઓછી મૂડીમાંથીયે તારી શક્તિ પ્રમાણે વાપર. દાન વગરનું ગૃહસ્થપણું નિષ્ફળ છે. અરે, મોક્ષનો ઉદ્યમ કરવાનો આ અવસર છે. તેમાં બધોય રાગ ન છૂટે તો થોડોક રાગ તો ઘટાડ! મોક્ષને માટે તો બધોય રાગ છોડ્યે જ છૂટકો છે; દાનાદિ વડે થોડોક રાગ ઘટાડતાં પણ જો તને ન આવડે તો મોક્ષનો ઉદ્યમ તું કઈ રીતે કરીશ? અહા, આવા મનુષ્યપણામાં આત્મામાં રાગરહિત જ્ઞાનદશા પ્રગટ કરવાનો પ્રયત્ન જે નથી કરતા તે પ્રમાદથી વિષય-કષાયોમાં જ જીવન વીતાવે છે તે તો મૂઢબુદ્ધિથી મનુષ્યપણું હારી જાય છે.—પછી તેને પસ્તાવો થશે કે અરેરે! મનુષ્યપણામાં અમે કાંઈ ન કર્યું! જેને ધર્મનો પ્રેમ નથી, જે ઘરમાં ધર્માત્મા પ્રત્યેની ભક્તિના ઉલ્લાસથી તન-મન-ધન વપરાતાં નથી તે ખરેખર ઘર નથી પણ મોહનું પીંજરૂં છે, સંસારનું જેલખાનું છે; ધર્મની પ્રભાવના

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૮ ઉપર)

**છદ્મસ્થ-અભિહિત ધ્યાનદાને વ્રતનિયમપઠનાદિકે**
**રત જીવ મોક્ષ લહે નહીં, બસ ભાવ શાતાત્મક લહે. ૨૫૬. —શ્રી પ્રવચનસાર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

**પ્રવચન-૩** (ગતાંકથી આગળ)

**૫. અગુરુલઘુત્વગુણ :**—આત્મામાં અગુરુલઘુગુણ છે, તેના કારણે દરેક ગુણ પોતાની હદ ઓળંગે નહિ. વીર્ય અધિક ન થાય ને ઓછું ન થાય, જો ગુણની મર્યાદા ન રહે તો આત્મા જડ થઈ જાય. અગુરુલઘુગુણ મધ્યસ્થપણે રાખે છે. અગુરુલઘુગુણથી આત્મા હળવો—ભારે ન થાય, તેથી આત્મા કદી પણ જડતાને પ્રાપ્ત ન થાય, હીણી પરિણતિ થાય તો તે પણ હદમાં થાય ને ઉત્કૃષ્ટ પરિણતિ થાય તો તે પણ હદમાં જ થાય છે. આ ગુણથી ગુણોનો અભાવ થતો નથી ને ગુણો પોતાની મર્યાદા ઓળંગતા નથી. દરેક ગુણનો પણ એવો સ્વભાવ છે. તેમાં અગુરુલઘુગુણ નિમિત્ત છે.

**૬. પ્રમેયત્વગુણ :**—આત્મામાં કોઈને કોઈ જ્ઞાનનો વિષય થવારૂપ પ્રમેયગુણ છે, તેથી આત્મા જ્ઞાનના માપમાં આવી જાય છે. જો પ્રમેયગુણ ન હોત તો ગુણો જ્ઞાનના માપમાં ન આવત, અર્થાત્ જણાત નહિ. જ્ઞાન પ્રમાણ છે. પ્રમેયગુણ ન હોત તો પ્રમાણ કોનું કરત? આત્માના અનંત ગુણોમાંથી એક ગુણ પણ ઓછું જાણે તો આત્માનું જ્ઞાન ઓછું ઠરે ને યથાર્થ અનુભવ ન થાય. જેમ કપડા સીવડાવવા આપતાં પ્રમાણ—માપ આપે છે, તેમ અહીં જ્ઞાન પ્રમાણ છે, ને જ્ઞેયો જ્ઞાનના માપમાં આવવા યોગ્ય છે. જ્ઞાન પ્રમાણ અને પ્રમેય બંને છે ને બીજા બધા ગુણો પ્રમેય એટલે કે જ્ઞાનના માપમાં આવવા લાયક છે. સત્તા, વીર્ય, સૂક્ષ્મ વગેરે ગુણો પ્રમેય હોવાથી જ્ઞાનમાં જણાય છે. જ્ઞાન માપ કરે છે, બીજા ગુણો માપવા યોગ્ય છે.

**૭. વસ્તુત્વગુણ :**—આત્મામાં વસ્તુત્વગુણ છે. ગુણ-પર્યાય તેમાં વસે છે. વસ્તુની પ્રયોજનભૂત ક્રિયા થતી ન હોય તો પ્રમાણ કોનું કરત? સસલાનાં શિંગડાં કાચબાના વાળ વસ્તુ જ નથી, તો પછી તે કેવા રંગના હશે ને કેવાં હશે તે વાત રહેતી નથી. તેમ જે વસ્તુ હોય તેનું પ્રમાણ હોય ને તેની પ્રયોજનભૂત ક્રિયા હોય. આત્મામાં વસ્તુત્વ નામનો ગુણ ન હોય તો કોનું પ્રમાણ રહેત? આત્માની વસ્તુ આત્મામાં છે, ને પરની

**પરમાર્થથી અનભિજ્ઞ, વિષયકષાયઅધિક જનો પરે**
**ઉપકાર-સેવા-દાન સર્વ કુદેવમનુજપણે ફળે. ૨૫૭.** —શ્રી પ્રવચનસાર

વસ્તુ પરમાં છે. લોકો કહે છે કે વસ્તુ ખોવાઈ ગઈ પણ ભાઈ! તારી વસ્તુ તો તારામાં છે, જ્ઞાન, સૂક્ષ્મ, વીર્ય આદિ ગુણો વસ્તુ છે.

૮. **અસ્તિત્વગુણ :—**અસ્તિત્વગુણ ન હોત તો આ વસ્તુત્વ કોના આધારે કહી શકાત?

૯. **પ્રદેશત્વગુણ :—** દ્રવ્ય હોય તેમાં સ્વક્ષેત્ર (આકાર) બતાવનાર પ્રદેશત્વ નામનો ગુણ હોય જ. પ્રદેશત્વ વિના આકાર કોનો? અને આકાર વિના વસ્તુ કેવી? આત્મા અસંખ્યપ્રદેશી છે તે આ ગુણને લીધે છે. કોઈ આત્માને પરમાણુ જેવડો કહે છે, કોઈ વ્યાપક કહે છે, તે ખોટી વાત છે. આત્મા મધ્યપરિમાણવાળો છે, લોકાલોક જેવડો નથી તેમ જ એક પરમાણુમાં આવી જાય તેવડો પણ નથી. કેટલાક જીવો કહે છે કે મરણ પછી આત્મા અનંતમાં ભળી જાય છે. તે વાત ખોટી છે. આત્મા પોતાના અસંખ્યપ્રદેશમાં રહે છે. સિદ્ધમાં દરેક આત્મામાં પોતાનું હોવાપણું જુદું છે. નિગોદમાં એક એક શરીરમાં અનંતા જીવો હોવા છતાં દરેક જીવ જુદે જુદો અસંખ્યપ્રદેશી છે, દરેકની સત્તા જુદી જુદી છે, તે પ્રદેશત્વગુણના કારણે છે. જ્યોતમાં જ્યોત ભળી જતી નથી.

૧૦. **પ્રભુત્વગુણ :—**પ્રભુત્વશક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપી છે. પોતાની પ્રભુતાથી આત્મા ટકે છે, બીજાને લીધે નભતો નથી. અનાદિથી અજ્ઞાની પોતાને રાંકો માને છે. શેઠ વિના, કુટુંબ વિના અમને ન ચાલે—એમ કહે છે. અહીં કહે છે કે તારામાં પ્રભુતા ભરી છે, તેનું જ્ઞાન કરવું તે પુરુષાર્થ છે. જ્ઞાનની પ્રભુતા, સત્તાની પ્રભુતા, આનંદની પ્રભુતા પોતાની પાસે છે. ભગવાનની પ્રભુતાને લીધે પોતાને પ્રભુતા આવતી નથી, તેમ જ કર્મ ખસે તો પ્રભુતા પ્રગટે એમ પણ નથી. પ્રભુતા ત્રિકાળ ભરી પડી છે, તેનો ખ્યાલ કરે તો પ્રભુતા પ્રગટે છે. જો પ્રભુતા ન હોય તો તેના અસંખ્ય પ્રદેશ ઓછાવત્તા થઈ જાય ને તેની પ્રદેશપ્રભુતા ક્યાંથી રહે? પોતાની પ્રભુતા પોતામાં ભરી છે, એમ નિર્ણય કરે તો રાંકાઈ મટે.

## પ્રવચન નં. ૪

આત્મા ચેતના આદિ અનંત ગુણોના પુંજરૂપ વસ્તુ છે, તે ગુણની પરિણતિ પોતાનામાં એકાગ્ર થાય તે અનુભવપ્રકાશ છે. સ્વમાં એકત્વ પામે ને રાગથી વિભક્ત થાય તેને મોક્ષનો માર્ગ કહે છે. અનુભવપ્રકાશ તે જ ક્રિયા છે. પર્યાયની ફેરણીને ક્રિયા

**'વિષયો કષાયો પાપ છે' જો એમ નિરૂપણ શાસ્ત્રમાં,**
**તો કેમ તત્પ્રતિબદ્ધ પુરુષો હોય રે નિસ્તારકા? ૨૫૮.　　–શ્રી પ્રવચનસાર**

કહે છે. પર તરફનું લક્ષ છોડી સ્વભાવ તરફ લક્ષ કરે તે ધર્મની ક્રિયા છે. જે રાગાદિની ક્રિયા થાય છે તે તો મોક્ષની કાતરણી છે. વસ્તુસ્વભાવમાં અંતર્મુખ થવાથી ધર્મ થાય છે. સાધકને શુભાશુભ ભાવ હોય છે પણ તે બંધનું કારણ છે. સ્વભાવના ભાનવાળાને તીવ્ર અશુભભાવ આવે નહિ.

કોઈ જીવો એક જ દ્રવ્ય કહે, કોઈ એક જ ગુણ કહે, કોઈ પર્યાયને ન માને, કોઈ ગુણને ઉપચાર માને તો તે બધા ખોટા છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, આત્મા ચેતના આદિ ગુણોનો પુંજ છે, તે તરફનો ઝુકાવ કરવો તે ધર્મ છે.

દસ શક્તિની વાત થઈ. પોતાની પ્રભુતા પોતામાં ન હોય તો વસ્તુ ખંડિત થઈ જાય. પોતાની પ્રભુતા યાદ ન કરતાં રાગ તથા સંયોગને પ્રભુતા આપે તે રાંકો થઈને રખડે. શરીર, મન, વાણી અનુકૂળ છે, તેમ માની તેને મોટાઈ આપે છે તે કાયર છે. તેને પ્રભુત્વશક્તિની ખબર નથી.

**૧૧. વિભુત્વગુણ** : જો વિભુત્વ ન હોત તો પ્રભુત્વ સર્વમાં કેવી રીતે વ્યાપત ? જ્ઞાનગુણની પ્રભુતા, સૂક્ષ્મની પ્રભુતા—એમ દરેકની પ્રભુતા વિભુત્વને લીધે છે. કેટલાક જીવો કહે છે કે આત્મા લોકાલોકમાં વ્યાપેલ છે માટે તે વિભુ છે પણ તે વાત ખોટી છે. આત્મા સ્વક્ષેત્રવાળો સદા અસંખ્યપ્રદેશી છે તેમાં વિભુત્વગુણ છે.

આગળ વાત આવશે કે અજ્ઞાની શુભાશુભ વિકારાદિ મારા છે એવું ચિંતવન પોતાને ગળે વળગાડે છે, પરમાં મજા પડે છે એવી કલ્પના કરે છે, પણ ચૈતન્યની પ્રતીતિ કરતો નથી.

પૃ. ૩૭માં કહ્યું છે કે "અવિદ્યા જડ નાની શક્તિથી તારી મહાન શક્તિ ન હણાઈ જાય, તારી શુદ્ધ શક્તિ પણ મોટી, તારી અશુદ્ધ શક્તિ પણ મોટી, તારી ચિંતવણી તારે ગળે પડી અને તેથી પરને દેખી આત્માને ભૂલ્યો. એ અવિદ્યા તારી જ ફેલાવેલી છે. તું અવિદ્યારૂપ કર્મમાં ન પડી સ્વને ન જોડે તો જડનું તો કાંઈ જોર નથી, અપરંપાર શક્તિ તારી છે." અજ્ઞાનીએ જડનો હાથ પકડ્યો છે, તે કલ્પનામાં દુઃખ છે. આ ચૈતન્યગોળો અનંતી શક્તિનો પુંજ છે, તેની તેને ખબર નથી.

આત્મામાં દરેક ગુણની પ્રભુતા છે. તેને ચૂકી અપ્રભુતા કરે તો તે પોતાથી થાય છે, પરને લીધે નથી, પોતાની કલ્પનાથી સ્વઘર ચૂક્યો ને પરઘર માંડ્યું છે, અંતર્મુખ

**તે પુરુષ જાણ સુમાર્ગશાળી, પાપ-ઉપરમ જેહને,**
**સમભાવ જ્યાં સૌ ધાર્મિકે, ગુણસમૂહસેવન જેહને. ૨૫૯.** **–શ્રી પ્રવચનસાર**

દૃષ્ટિ છોડી છે, તે પોતાની ભૂલ છે. વિભુત્વ ગુણ બધામાં વ્યાપક છે, વિભુત્વ વિના બધા ગુણો એકમેક કેમ રહે ?

**૧૨. જીવત્વગુણ** : ચૈતન્યપ્રાણને ટકાવી રાખનાર જીવત્વગુણ ન હોત તો વિભુત્વ અજીવ હોત એટલે કે આત્મા જડ થઈ જાત. જીવ ચૈતન્યપ્રાણથી જીવે છે, શરીર, મન, વાણી કે પુણ્ય-પાપથી જીવતો નથી. વિકારાદિ ભાવ જુદા જુદા થાય છે, શરીરાદિની અવસ્થા જુદી જુદી થાય છે, પણ ચૈતન્યપ્રાણ સદાય એકરૂપ છે. તેનાથી જીવ જીવે છે.

જડ પદાર્થોને સુખ-દુઃખ નથી. સુખ-દુઃખ ચૈતન્યમાં જણાય છે. જડમાં વિભાવસ્વભાવ છે એમ જીવ જાણે છે, બીજા જીવમાં સુખ-દુઃખ થાય છે એમ જીવ જાણે છે. એક પરમાણુ છૂટો દ્રવ્ય-ગુણ-પર્યાયે શુદ્ધ છે, તેની અર્થપર્યાય ને વ્યંજનપર્યાય બંને શુદ્ધ છે, તેથી તેમાં સુખ છે—એમ નથી, તેમ જ અચેતમહાસ્કંધ છે માટે દુઃખી છે—એમ નથી. તેમાં સુખ—દુઃખ નથી, જીવમાં સુખ-દુઃખ છે, જીવ પોતાના ચૈતન્યપ્રાણથી સદાય જીવે છે.


**૧૩. ચેતનાગુણ** : ચેતના વિના જીવત્વ ક્યાં વર્તત ? જીવમાં ચેતનાગુણ છે તેને લીધે જીવત્વ વર્તી રહ્યું છે.

**૧૪. જ્ઞાનગુણ** : આત્મામાં જ્ઞાનગુણ ન હોત તો ચેતનના વિશેષ—ભેદોને જાણવાનું બનત નહિ, માટે આત્મામાં જ્ઞાનગુણ છે.

**૧૫. દર્શનગુણ** : દર્શન સામાન્યને દેખે છે. ગુણ-પર્યાયનું સામાન્ય એકપણું ને ગુણ તથા પર્યાય—એવા વિશેષ અથવા ભેદજ્ઞાન વિના ન હોત. અભેદથી દેખવું તે દર્શન છે, ભેદથી જાણવું તે જ્ઞાન છે. ગુણ અને પર્યાયના ભેદ પાડીને જાણવું તે જ્ઞાનનું કાર્ય છે અને અભેદ દેખવું તે દર્શનનું કાર્ય છે. આમ દર્શન વિના સામાન્ય—વિશેષ જ્ઞાન ન રહે.

**૧૬. સર્વજ્ઞતા** : આત્મામાં સર્વજ્ઞશક્તિ છે, તે ન હોત તો દર્શનને કોણ જાણત ? એટલે કે બધાને કોણ જાણત ? આત્મામાં સર્વજ્ઞતા નામનો ગુણ છે. તેની પ્રતીતિ કરીને લીનતા કરવાથી સર્વજ્ઞતા પ્રગટ થાય છે. (ક્રમશઃ)

**અશુભોપયોગરહિત શ્રમણો—શુદ્ધ વા શુભયુક્ત જે,**
**તે લોકને તારે; અને તદ્‌ભક્ત પામે પુણ્યને. ૨૬૦.** **–શ્રી પ્રવચનસાર**




## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૨૯

**જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો આત્મા પકડાય એવો છે. એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા, પછી જાળ ચોંટશે નહિ. ૨૯.**

**'એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા, પછી જાળ ચોંટશે નહિ.'**

રાગનો વિકલ્પ એ એક સમયનો કૃત્રિમ વિભાવભાવ છે, ને ભગવાન સ્વભાવભાવ ત્રિકાળ છે. બંને એકરૂપ થયા નથી; બેઉ વચ્ચે સાંધ છે, બંને જુદા છે. ખાણમાંથી સોનું ને પથ્થર સાથે નીકળે, પણ બન્ને એક નથી. અગ્નિના પ્રયોગે બેઉ જુદાં પડી જાય છે. એમ ભગવાન આત્મા વિકલ્પથી તદ્દન જુદો જ છે; પણ અજ્ઞાનથી તેને પોતાની સાથે એકત્વપણે માન્યો છે. એ માન્યતા તોડીને સ્વરૂપ તરફની એકાગ્રતાનો પ્રયોગ આપે તો બંને જુદા પડી જાય છે.—બેય જુદા હતા તે જુદા થઈ જાય છે. અહા! આવી વાતો!

એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા. એક વાર જાળ તૂટી તે રહી ગઈ જુદી; પછી એ કદી ચોંટશે નહિ. વિજળી પડી ને ડુંગરના બે કટકા થયા; હવે રેણ દીધે એ ભેગા ન થાય. અપ્રતિહત ભાવની અહીં વાત છે. રાગથી જુદો પડ્યો એ પડ્યો, જાળ તોડી એ તોડી; હવે વિકલ્પની જાળ તેને એકપણે કદી પણ થશે નહિ.

શ્રી અમૃતચંદ્ર-આચાર્યદેવે સમયસારની ૩૮મી ગાથા ને પ્રવચનસારની ૯૨મી ગાથાની ટીકામાં એમ કહ્યું છે કે, આગમજ્ઞાનથી ને અનુભવજ્ઞાનથી નિર્વિકલ્પ જ્ઞાન થઈ અમને અંદર જ્ઞાનપ્રકાશ થયો છે અને અમને જે મિથ્યાત્વનો નાશ થયો છે, એ મિથ્યાત્વ હવે અમને ફરીને થવાનું નથી. અહા! પાંચમા આરાના સંત પણ આ રીતે અંદરના જોરની પોતાની ભાષામાં વાત કરે છે.

અહા! આવા પંચમ કાળમાં મળેલી આવી દુર્લભ ચીજ, એને લક્ષમાં લઈને, વિકલ્પની જાળ તોડીને, નિર્વિકલ્પ દૃષ્ટિ કરીને તેનો અનુભવ પ્રગટ કર. તો પછી, હવે

**પ્રકૃત વસ્તુ દેખી અભ્યુત્થાન આદિ ક્રિયા થકી**
**વર્તો શ્રમણ, પછી વર્તનીય ગુણાનુસાર વિશેષથી. ૨૬૧. –શ્રી પ્રવચનસાર**

વિકલ્પની જાળ તને નહિ અડે, વિભાવમાં એકત્વપણું હવે નહિ થાય; વિકલ્પ આવશે પણ તે પરજ્ઞેય તરીકે જણાશે. અહા! આ વીતરાગ જૈનદર્શન છે. ઘણું ગહન છે.

*

### વચનામૃત–૩૦

**જેમ બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી, છતાં વિશ્વાસ છે કે 'આ બીજમાંથી વૃક્ષ ફાલશે, તેમાંથી ડાળાં–પાંદડાં–ફળ વગેરે આવશે', પછી તેનો વિચાર આવતો નથી; તેમ મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે; દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય, પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે. ૩૦.**

**''જેમ બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી, છતાં વિશ્વાસ છે કે, 'આ બીજમાંથી વૃક્ષ ફાલશે, તેમાંથી ડાળાં-પાંદડાં-ફળ વગેરે આવશે', પછી તેનો વિચાર આવતો નથી;''**

બીજમાં આખું ઝાડ થવાની શક્તિ છે. વર્તમાનમાં ડાળાં-પાંદડાં-ફળ દેખાતાં નથી, છતાં વિશ્વાસ છે કે આ બીજમાં આખું ઝાડ થવાની તાકાત છે. આંબાનું બીજ વાવતાં વિશ્વાસ છે કે આમાંથી આંબો થશે અને હજારો કેરી પાકશે, પછી તેનો વિચાર આવતો નથી; વાવ્યું છે તે થશે જ. એ વૃક્ષના દૃષ્ટાંત પ્રમાણે અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન અને અનંત આનંદ વગેરે પ્રગટ કરે—અનંત વિભૂતિપણે ફળે—એવું મૂળશક્તિવાળું બીજ આ આત્મદ્રવ્ય છે. જેમ વડના બીજમાંથી અનેક વડ થાય, તેની વડવાઈઓ પાછી જમીનમાં જઈને બીજાં અનેક વડ ફાલે; તેમ મૂળ શક્તિરૂપ આત્મદ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે. આત્મવસ્તુ છે તે ત્રિકાળી છે, નિરાવરણ છે, તેમાં ઓછપ નથી, અશુદ્ધતા નથી, તે પૂર્ણ છે ને શુદ્ધ છે; મૂળ શક્તિરૂપ એવા દ્રવ્યનો વિશ્વાસપૂર્વક આશ્રય કરવાથી, એનું ગ્રહણ કરવાથી, એને પકડવાથી પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે. એ ફાલીને કેવળજ્ઞાન થશે જ.

...'તેમ મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે,'...

**ગુણથી અધિક શ્રમણો પ્રતિ સત્કાર, અભ્યુત્થાન ને**
**અંજલિકરણ, પોષણ, ગ્રહણ, સેવન અહીં ઉપદિષ્ટ છે. ૨૬૨.　　–શ્રી પ્રવચનસાર**

યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી એટલે યથાર્થ શ્રદ્ધા સહિત જાણવાથી. આત્મપદાર્થ વસ્તુ છે ને? પૂર્ણરૂપ છે ને? જે અનંત પૂર્ણ સ્વભાવોથી—શક્તિઓથી પણ પરિપૂર્ણ છે એવા એના પૂર્ણ રૂપનું વિશ્વાસપૂર્વક-શ્રદ્ધાપૂર્વક બરાબર ગ્રહણ કરવાથી પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય છે. એક સમયની પર્યાયમાં હું ઊભો છું એટલે કાંઈ 'હું—વસ્તુ' પર્યાયમાત્ર નથી. એની સમીપમાં—જ્યાં પર્યાય છે ત્યાં જ—ઊંડે અંદર અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવા પૂર્ણ સ્વભાવોના ભારથી–સમૂહથી ભરેલો ભરપૂર આત્મભગવાન છે. એને વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી—એમ કહ્યું; પણ બહારના જાણપણાથી, શાસ્ત્રને જાણવાથી–ધારવાથી, નિર્મળ દશા પ્રગટ થાય એમ કહ્યું નથી. શાસ્ત્રમાં જાણપણાની વાત તો આવે, 'આત્મા આવો છે ને તેવો છે' એમ શાસ્ત્રથી ધારી લે, પણ તેનાથી કાંઈ ન થાય. અંદર ચીજ જેવડી છે એવડીનો વિશ્વાસ કરીને, જેવડું તેનું અસ્તિત્વ છે તેવડાની પ્રતીતિ કરીને, 'વિશ્વાસે વહાણ તરે' એમ, અંદરના એ પૂર્ણાનંદના નાથને વિશ્વાસે જાણતાં નિર્મળ પર્યાયનું વહાણ તરશે, નિર્મળ પર્યાયની ધારા ચાલશે. અહા! વસ્તુ તો છે, પણ તેને વિશ્વાસપૂર્વક જાણવાથી પરમ આનંદની અને પરમ અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે.

પ્રશ્નઃ—વિશ્વાસ કરવાથી પ્રગટ થાય?

ઉત્તરઃ—હા. આ આત્મા—વસ્તુ જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવે ભરપૂર સર્વોત્કૃષ્ટ પ્રભુ પરમાત્મા છે, એમ વિશ્વાસ કરતાં પર્યાયમાં આનંદ અને જ્ઞાન આદિ અનંત ગુણની, બધી શક્તિઓની, અંશે વ્યક્તતા પ્રગટશે.

પ્રશ્નઃ—પહેલું શું કરવું?

ઉત્તરઃ—પહેલું શું કરવું—એ જ અહીં કહ્યું છે. સંખ્યાએ અનંત ગુણનો ધરનાર દરિયો જે નિજ આત્મદ્રવ્ય, એનો પુરુષાર્થથી સમજણપૂર્વક ભરોસો કરતાં જેટલા ગુણો છે તે બધાની શક્તિમાંથી વ્યક્તતા એક અંશે પ્રગટ થશે. એ જ પહેલું કરવાનું છે.

(ક્રમશઃ)



મુનિ સૂત્ર-અર્થપ્રવીણ સંયમજ્ઞાનતપસમૃદ્ધને
પ્રણિપાત, અભ્યુત્થાન, સેવા સાધુએ કર્તવ્ય છે. ૨૬૩. –શ્રી પ્રવચનસાર

# ભેદવિજ્ઞાનનો મહિમા

**(૧૬) અજ્ઞાન ટાળવાનો ઉપાય**

હવે શિષ્ય પૂછે છે કે અજ્ઞાનીનો તે વ્યામોહ કોઈ રીતે છેદી શકાય કે નહિ? ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે હા, પ્રજ્ઞારૂપી છીણી વડે તે જરૂર છેદી શકાય છે. જેમ અંધકાર ટાળવાનો ઉપાય પ્રકાશ જ છે તેમ અજ્ઞાન ટાળવાનો ઉપાય સમ્યગ્જ્ઞાન જ છે. (વ્યામોહ=અજ્ઞાન; પ્રજ્ઞાછીણી=સમ્યગ્જ્ઞાન) હજારો ઉપવાસ કરવા, લાખો રૂપિયાનું દાન કરવું—એ વગેરે કોઈ ઉપાય આત્મા સંબંધી અજ્ઞાન ટાળવા માટેના નથી પણ આત્મા અને રાગના જુદાપણાનું સમ્યગ્જ્ઞાન તે જ એકમાત્ર વ્યામોહ છેદવાનો ઉપાય છે. આ જ ઉપાયથી વ્યામોહ છેદીને આત્મા મુક્તિના પંથે પ્રયાણ કરે છે, એમ જ્ઞાનીઓ જાણે છે.

પ્રજ્ઞાછીણી કેવી રીતે થાય અર્થાત્ સમ્યગ્જ્ઞાન કેમ પ્રગટે? જ્ઞાન માટે તો કંઈક બીજા સાધનની જરૂર પડતી હશે ને? તો કહે છે કે ના. જ્ઞાનનો ઉપાય જ્ઞાન જ છે. જ્ઞાનનો અભ્યાસ તે જ પ્રજ્ઞાછીણી પ્રગટવાનું કારણ છે. ભક્તિ, પૂજા, વ્રત, ઉપવાસ, ત્યાગ વગેરેનો શુભરાગ તે પ્રજ્ઞાનો ઉપાય નથી. સ્વભાવની રુચિપૂર્વક સ્વભાવનો અભ્યાસ કરવો તે જ સ્વભાવનું જ્ઞાન પ્રગટવાનો ઉપાય છે.

(૧૭) હવે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ આ ગાથાના આશયને શ્લોક દ્વારા કહે છે :—

(સ્રગ્ધરા)

प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः
सूक्ष्मेऽन्तः संधिबंधे निपतति रभसादात्मकर्मोभयस्य।
आत्मानं मग्नमंतःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे
बंधं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ॥१८१॥

(આ શ્લોકમાં ધીમી શાંત હલક છે અને એમાં ભાવ એવો છે કે હે જીવ! અંતરમાં તારા ચૈતન્યસ્વભાવને અવલોકવામાં ધીરો થા, ધીરો થા!)

અર્થ :—આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી પ્રવીણ પુરુષો વડે કોઈ પણ પ્રકારે (—યત્નપૂર્વક) સાવધાનપણે (—નિષ્પ્રમાદપણે) પટકવામાં આવી થકી, આત્મા અને કર્મ—

શાસ્ત્રે કહ્યું—તપસૂત્રસંયમયુક્ત પણ સાધુ નહીં,
જિન-ઉક્ત આત્મપ્રધાન સર્વ પદાર્થ જો શ્રદ્ધે નહીં. ૨૬૪. —શ્રી પ્રવચનસાર

બંનેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં (—અંદરની સાંધના જોડાણમાં) શીઘ્ર પડે છે. કેવી રીતે પડે છે? આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર અને નિર્મળપણે દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં (—ચૈતન્યના પ્રવાહમાં) મગ્ન કરતી અને બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (—નિયત) કરતી—એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન—ભિન્ન કરતી પડે છે.

(૧૮) આ કળશમાં આત્મસ્વભાવનો પુરુષાર્થ વર્ણવ્યો છે, ભેદજ્ઞાનનો ઉપાય દર્શાવ્યો છે. આ કળશના ભાવ ખાસ આત્મામાં પરિણમાવવા યોગ્ય છે. ૧. તીક્ષ્ણ-છીણી, ૨. કોઈ પણ રીતે, ૩. નિપુણ પુરુષો દ્વારા, ૪. સાવધાન થઈને પટકવામાં આવી થકી અને ૫. શીઘ્ર પડે છે—આ રીતે, પુરુષાર્થ બતાવનારાં પાંચ વિશેષણો વાપર્યા છે.

**૧. તીક્ષ્ણ છીણી**—જડ શરીરમાંથી વિકારી રોગનું ઓપરેશન કરવા માટે તીખાં ઝીણાં ચમકતા શસ્ત્રો આવે છે તેમ અહીં તો ચૈતન્ય આત્મા અને રાગાદિ વિકાર વચ્ચે ઓપરેશન કરીને તે બંનેને જુદાં પાડવા છે, તે માટે તીક્ષ્ણ ઉગ્ર પ્રજ્ઞારૂપી છીણી છે, અર્થાત્ સમ્યગ્જ્ઞાનરૂપી પર્યાય અંતરમાં ઢળીને સ્વભાવમાં મગ્ન થાય છે અને રાગ છૂટો પડી જાય છે, તે જ ભેદવિજ્ઞાન છે.

**૨. કોઈપણ રીતે**—સમયસાર કળશ ૨૩માં કહ્યું હતું કે હે ભાઈ! તું કોઈ પણ રીતે મહાકષ્ટે—મરીને પણ તત્ત્વનો કૌતૂહલી થા! તેમ અહીં પણ કહે છે કે કોઈ પણ રીતે, આખા જગતની દરકાર છોડી દઈને પણ, સમ્યગ્જ્ઞાનરૂપી પ્રજ્ઞાછીણીને આત્મા અને બંધ વચ્ચે પટકવી. 'કોઈ પણ રીતે' કહેતાં કર્મ વગેરે નડે એ વાત ઉડાડી દીધી. કોઈ પણ રીતે એટલે તું તારામાં પુરુષાર્થ કરીને પ્રજ્ઞાછીણી વડે ભેદજ્ઞાન કર. શરીરનું ગમે તેમ થાય પણ આત્મા જ પ્રાપ્ત કરવો છે, એ જ એક કર્તવ્ય છે, એમ તીવ્ર ઝંખના અને રુચિ કરીને સમ્યગ્જ્ઞાન કર. જેમ વીજળીના ઝબકારામાં સોય પરોવવી હોય તો તેમાં કેટલી એકાગ્રતા જોઈએ! વીજળી થાય કે તરત જ સોય પરોવી લે, ત્યાં એક સેકંડમાત્રનો પ્રમાદ ન કરે, તેમ ચૈતન્યમાં સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવવા માટે ચૈતન્યની એકાગ્રતા અને ઝંખના જોઈએ. અહો! અનંતકાળે આ ચૈતન્ય ભગવાનને ઓળખવાના ટાણાં મળ્યાં છે, ક્ષણ ક્ષણ લાખેણી જાય છે, આત્મભાન વગર ઉગરવાનો ક્યાંય આરો નથી, માટે અત્યારે જ કોઈ પણ પ્રકારે આત્મભાન કરવું છે—એમ સ્વભાવની રુચિ પ્રગટ કરતાં વિકારનો મહિમા ટળે છે. આ વિકાર તે મારા ચૈતન્યની શોભા નથી પણ

**મુનિ શાસને સ્થિત દેખીને જે દ્વેષથી નિંદા કરે,**
**અનુમત નહીં કિરિયા વિષે, તે નાશ ચરણ તણો કરે. ૨૬૫.** **–શ્રી પ્રવચનસાર**

કલંક છે, મારું ચૈતન્યતત્ત્વ તેનાથી ભિન્ન અસંગી છે—આ પ્રમાણે નિરંતર સ્વભાવની રુચિ અને પુરુષાર્થના અભ્યાસ વડે પ્રજ્ઞાછીણીને પટકવી.

**૩. નિપુણ પુરુષો દ્વારા**—અહીં લૌકિક નિપુણતાની વાત નથી, પણ સ્વભાવના પુરુષાર્થ કરવામાં નિપુણતાની વાત છે. લૌકિક બુદ્ધિમાં નિપુણ હોવા છતાં તેને પોતાને શંકા રહ્યા કરે કે મારું શું થશે? તેમ "તીવ્રકર્મો ઉદયમાં આવશે તો મારું શું થશે? મારે હજી ઘણા ભવ હશે તો? મને પ્રતિકૂળતા આવી પડશે તો?" એમ જેને શંકા રહ્યા કરે છે તે નિપુણ નથી પણ નમાલો પુરુષાર્થહીન છે; જે આવી પુરુષાર્થહીનતાની વાતો કરે છે તેઓ પ્રજ્ઞાછીણીનો ઘા મારી શકશે નહિ; તેથી કહ્યું છે કે 'નિપુણ પુરુષો દ્વારા પટકવામાં આવી થકી' એટલે જેને કર્મોના ઉદયનું લક્ષ નથી પણ એકલા સ્વભાવની પ્રાપ્તિનું જ લક્ષ છે અને પોતાના સ્વભાવની પ્રાપ્તિના પુરુષાર્થના જોરે જેને મુક્તિની નિઃસંદેહતા છે એવા નિપુણ પુરુષો જ તીવ્ર પુરુષાર્થ વડે પ્રજ્ઞાછીણીને પટકીને ભેદવિજ્ઞાન કરે છે.

**૪. સાવધાન થઈને પટકવામાં આવી થકી**—એટલે પ્રમાદ અને મોહને દૂર કરીને પટકવી. જો એક ક્ષણ પણ ચૈતન્યનો સાવધાન થઈને અભ્યાસ કરે તો અવશ્ય ભેદજ્ઞાન અને મોક્ષ પામે જ. જે ચૈતન્યમાં સાવધાન છે તેને કર્મના ઉદયની શંકા હોતી જ નથી. અનાદિથી વિકારને પોતાનું સ્વરૂપ માનીને અસાવધાન થયો હતો તેને બદલે હવે ચૈતન્યસ્વરૂપના લક્ષે સાવધાન થઈને વિકારનું લક્ષ છોડી દીધું;—એટલે હવે વિકાર થાય તોપણ 'તે મારા ચૈતન્યસ્વરૂપથી ભિન્ન છે' એમ પ્રજ્ઞા વડે જાણે છે. આ રીતે સાવધાન થઈને આત્મા અને બંધની વચ્ચે પ્રજ્ઞાછીણીને પટકવી.

'પ્રજ્ઞાછીણી પટકવી' એટલે શું? કે સમ્યગ્જ્ઞાનને આત્મામાં એકાગ્ર કરવું. આ ચૈતન્યસ્વરૂપ હું આત્મા અને આ પર તરફ જતી લાગણી તે રાગ—એમ આત્મા અને બંધની જુદાપણાની સાંધ જાણીને અર્થાત્ બન્નેના જુદા જુદા લક્ષણ દ્વારા તેમને ભિન્ન-ભિન્ન જાણીને જ્ઞાનને ચૈતન્યસ્વભાવી આત્મામાં એકાગ્ર કરતાં રાગનું લક્ષ છૂટી જાય છે,—તે જ પ્રજ્ઞાછીણીનું પટકવું છે.

**૫. પ્રજ્ઞાછીણી શીઘ્ર પડે છે**—પ્રજ્ઞાછીણી પડતાં વાર લાગતી નથી પણ જે ક્ષણે ચૈતન્યમાં એકાગ્ર થયો તે જ ક્ષણે રાગ અને આત્મા ભિન્નપણે અનુભવાય છે. અત્યારે

> **જે હીનગુણ હોવા છતાં 'હું પણ શ્રમણ છું' મદ કરે,**
> **ઇચ્છે વિનય ગુણ-અધિક પાસ, અનંતસંસારી બને. ૨૬૬. –શ્રી પ્રવચનસાર**

ન થઈ શકે—એ વાત જ નથી, આ તો દરેક ક્ષણે થઈ શકે છે.

પ્રજ્ઞાછીણી પડતાં શું થાય છે અર્થાત્ પ્રજ્ઞાછીણી કેવી રીતે પડે છે? અંતરમાં જેનું ચૈતન્ય તેજ સ્થિર છે એવા જ્ઞાયકભાવને જ્ઞાયકપણે પ્રકાશમાન કરે છે. 'હું જ્ઞાન છું' એવો વિકલ્પ પણ અસ્થિર છે, તે વિકલ્પને તોડીને સમ્યગ્જ્ઞાન એકલા ચૈતન્યમાં મગ્ન થાય છે; રાગથી છૂટું પડીને જ્ઞાન ચૈતન્યમાં સ્થિર થાય છે, એ રીતે પ્રજ્ઞાછીણી ચૈતન્યમાં મગ્ન થતી નિર્મળપણે પડે છે; અને જેટલી પુણ્ય-પાપની વૃત્તિઓનું ઉત્થાન તે સર્વેને બંધભાવમાં નિશ્ચળ કરે છે; આ રીતે આત્માને આત્મામાં મગ્ન કરતી અને બંધને અજ્ઞાનભાવમાં નિયત કરતી પ્રજ્ઞાછીણી પડે છે.—આ જ પવિત્ર સમ્યગ્દર્શન છે. એક સેંકડ માત્ર પણ જો જીવ આવા સમ્યગ્દર્શનને અંતરમાં ધારણ કરે તો તેના અનંત ભવનો નાશ થઈ જાય.

પ્રજ્ઞાછીણી પડે છે—એ સંબંધી અહીં ક્રમથી વાત કરી છે, સમજાવવા માટે ક્રમથી કથન કર્યું છે, પરંતુ ખરેખર અંતરમાં ક્રમ પડતા નથી, પણ એક સાથે જ વિકલ્પ તૂટીને જ્ઞાન સ્વમાં એકાગ્ર થાય છે. જે સમયે જ્ઞાન સ્વમાં એકાગ્ર થયું તે જ સમયે રાગથી જુદું પડ્યું. પરંતુ પહેલાં જ્ઞાન સ્વમાં ઢળ્યું અને પછી રાગથી જુદું પડ્યું—એમ ક્રમ પડતા નથી.

પ્રશ્ન :—આ તો સમજવું અઘરું લાગે છે, આ સિવાય બીજો કોઈ માર્ગ છે?

ઉત્તર :—અરે ભાઈ, બહારમાં તો મોટા પગાર અને ઘણી બુદ્ધિ ચલાવે છે, ત્યાં બધુંય સમજાય છે અને બુદ્ધિ ચાલે છે, અને આ પોતાના આત્માની વાત સમજવામાં બુદ્ધિ ન ચાલે એ કેમ બને? પોતાને આત્માની દરકાર નથી અને સમજવાની રુચિ નથી તેથી જ અઘરું લાગે છે, અને નથી સમજાતું. પરંતુ ભાઈ! આ સમજ્યા વગર અન્ય કોઈ પણ ઉપાય મુક્તિ માટેનો નથી.

અરે ભાઈ સંસારના કામમાં ડહાપણ કરીને તું રાગને પોષે, અને આત્માની સમજણનો પ્રયત્ન કરવાની વાત આવે ત્યાં કહે છે કે મને ન સમજાય; પણ ન સમજાય તે કોના ઘરની વાત? તું આત્મા છો કે જડ? જો આત્માને નહિ સમજાય તો શું જડ સમજશે? ચૈતન્યના જ્ઞાનમાં ન સમજાય એવું કાંઈ છે જ નહિ. ચૈતન્યમાં બધું સમજવાની તાકાત છે. 'ન સમજાય' એ વાત જડના ઘરની છે, 'આત્મા ન સમજાય' એમ કહેનારને આત્માની રુચિ જ નથી પણ જડની રુચિ છે. મુક્તિનો રસ્તો એક સમ્યગ્જ્ઞાન જ છે અને સંસારનો રસ્તો પણ એક અજ્ઞાન જ છે. (ક્રમશઃ)

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—રાગને જીવનો કહેવો કે પુદ્ગલનો?

ઉત્તર :—રાગ પોતાની પર્યાયમાં જ થાય છે, પોતે જ કરે છે તેથી પર્યાયદૃષ્ટિથી રાગ જીવનો છે. દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્યસ્વભાવમાં રાગ છે જ નહિ તેથી રાગ જીવનો નથી પણ પુદ્ગલના લક્ષે થતો હોવાથી પુદ્ગલનો છે.

પ્રશ્ન :—એક ખીલે બાંધોને?

ઉત્તર :—જે અપેક્ષાથી કહેવાય છે તે અપેક્ષાએ ખીલો પાકો જ છે. રાગને સર્વથા પરનો જ માને તો જીવ સ્વચ્છંદી થઈ જશે અને રાગને સર્વથા પોતાનો જ સ્વભાવ છે તેમ માનશે તો રાગ નીકળી શકશે નહિ. માટે પહેલા રાગ પોતાના અપરાધથી પોતે જ કરે છે. કર્મ રાગ કરાવતું નથી એ રીતે નિર્ણય કરીને, પછી સ્વભાવ દૃષ્ટિ કરાવવા, રાગ મારું સ્વરૂપ નથી, ઉપાધિભાવ છે માટે કર્મજન્ય કહીને રાગનું લક્ષ છોડાવીને સ્વભાવનું લક્ષ કરાવ્યું છે.

પ્રશ્ન :—સમયસાર ગાથા ૬માં સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો "શુદ્ધ" કહેવાય છે તેમ કહ્યું પણ વિકારથી ભિન્ન ઉપાસવાનું કેમ ન કહ્યું?

ઉત્તર :—અન્યદ્રવ્યના ભાવોથી ભિન્ન ઉપાસતા વિકાર અને પર્યાય ઉપરનું પણ લક્ષ છૂટીને સ્વદ્રવ્ય ઉપર લક્ષ જાય છે.

પ્રશ્ન :—આત્મા પ્રમત્ત–અપ્રમત્તપણે નથી થતો એટલે શું?

ઉત્તર :—આત્મા શુભ-અશુભરૂપે થતો નથી. જો શુભ-અશુભરૂપે થાય તો પ્રમત્ત-અપ્રમત્તરૂપે થાય પણ શુદ્ધાત્મા શુભાશુભરૂપે પરિણમતો નથી તેથી પ્રમત્ત-અપ્રમત્તરૂપે પણ થતો નથી. અપ્રમત્ત સાતમે ગુણસ્થાનેથી તેરમે સુધી છે તે પર્યાયરૂપે આત્મા થતો નથી. આત્મા એકરૂપ જ્ઞાયકભાવ સ્વરૂપ છે. શુભાશુભરૂપે થતો નથી તેથી પ્રમત્તરૂપે થતો નથી અને પ્રમત્તપણે થતો હોય, તો તેનો અભાવ કરીને અપ્રમત્તપણે થાય પણ પ્રમત્તરૂપે થતો નથી તેથી પ્રમત્ત કે અપ્રમત્તના પર્યાયના ભેદરૂપે આત્મા થતો નથી. એકરૂપ જ્ઞાયકભાવ સ્વરૂપ જ છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—'ગુરુદેવશ્રીનાં વચનામૃત'માં આવે છે કે 'પર્યાયદૃષ્ટિ એ સંસાર છે અને દ્રવ્યદૃષ્ટિ એ મોક્ષ અને વીતરાગતા છે.' તો શું પર્યાયદૃષ્ટિમાં આવી સજા ? શું ચીભડાંના ચોરને ફાંસીની સજા ?

પૂજ્ય બહેનશ્રી :—એવું નથી. પર્યાયદૃષ્ટિ તે સંસાર છે, તેમાં ચીભડાંના ચોરને ફાંસીની સજા જેવું નથી. અનાદિકાળથી પર્યાય ઉપર જ દૃષ્ટિ રાખી છે. પર્યાય એક પછી એક ક્ષણે ક્ષણે પલટાય છે, એના ઉપર જ દૃષ્ટિ રાખી છે. અને જે શાશ્વત દ્રવ્ય છે તે દ્રવ્યને ઓળખતો નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી, પર્યાય ઉપર દૃષ્ટિ છે એટલે સંસાર છે. તે ચીભડાંના ચોર જેવો નથી, પણ સમજ્યા વગરની મોટી ભ્રાન્તિમાં પડેલો છે. તે મોટો દોષ છે, નાનો દોષ નથી. આખા દ્રવ્યને ભૂલી ગયો છે. અર્થાત્ પોતાનું મૂળ સ્વરૂપ—મૂળ રાજા છે તેને ભૂલી ગયો છે અને બહાર ઉપર ઉપર પર્યાય છે તેને ગ્રહણ કરી છે તે મોટો દોષ છે. પોતાનો મહિમાવંત જે સ્વભાવ છે તેને છોડીને—ભૂલીને પર્યાય તરફ બહાર ભમે છે તે મોટો દોષ છે.

પ્રશ્ન :—'વચનામૃત'ના એક બોલમાં આપ ફરમાવો છો કે મંદ પુરુષાર્થ કરે તો વાર લાગે, તીવ્ર પુરુષાર્થ કરે તો જલદી કાર્ય થાય. તો મંદ પુરુષાર્થ કોને કહેવાય ? તથા તીવ્ર પુરુષાર્થ કોને કહેવાય ? તે સમજાવવા કૃપા કરશોજી.

પૂજ્ય બહેનશ્રી :—પુરુષાર્થ કરતાં-કરતાં જ્ઞાયકને યાદ કરે, પાછું તે ઢીલું પડી જાય ને મંદ થઈ જાય. ફરી જ્ઞાયકને યાદ કરે, વળી તેને ભૂલી જાય—આ બધો મંદ પુરુષાર્થ છે. બહારમાં એકત્વબુદ્ધિ થઈ જાય, પાછો ફરી વિચાર કરીને ભેદજ્ઞાન કરે—આમ વારંવાર પુરુષાર્થ મંદ થાય ને તીવ્ર થાય. પણ હું તો જુદો તે જુદો જ છું એમ વારંવાર ઉગ્રપણે પ્રયાસ કરે તથા એકત્વબુદ્ધિ તોડવાનો ઉગ્રતાથી પ્રયત્ન કરે અને ધારાવાહી પુરુષાર્થ ચાલે તો તે ઉગ્ર પુરુષાર્થ છે. હું જ્ઞાયક તે જ્ઞાયક જ છું, કર્તા નથી; પર દ્રવ્ય સાથે મારે કાંઈ સંબંધ નથી; વિભાવરૂપ જે વિકલ્પ આવે તેનાથી મારો સ્વભાવ જુદો છે; હું તો નિર્વિકલ્પ સ્વરૂપ છું; મારી પરિણતિમાં રાગાદિ થાય છે, પણ હું તેનાથી જુદો છું—મારું સ્વરૂપ જુદું છે—એમ દ્રવ્ય ઉપર જોરદાર દૃષ્ટિ કરીને જે તીવ્રતાથી—ઉગ્રતાથી ઊપડે છે, જેનો ઊપાડ ઉગ્રતાપૂર્વક છે, તેને કાર્ય જલદી થયા વગર રહે નહિ. પણ વચ્ચે વચ્ચે પુરુષાર્થ મંદ પડે છે તેથી વાર લાગે છે. જે પુરુષાર્થ ધારાવાહી ચાલે છે તેને ઉગ્ર પુરુષાર્થ કહેવાય છે.

## બાળ વિભાગ

## ભાઈ બહેનની ધર્મચર્ચા

(એક જૈન સદ્‌ગૃહસ્થના ઘરમાં સૌ ઉત્તમ સંસ્કારી હતા. તેમાં ભાઈનું નામ આનંદકુમાર....અને બહેનનું નામ ધર્મવતી. આ ભાઈ-બેન બંને બહારની વિકથા કે સિનેમા ટી.વી. વગેરેમાં રસ લેવાને બદલે, દરરોજ રાત્રે તત્ત્વચર્ચા કરતા, તેમજ મહાપુરુષોની ધર્મકથા કરીને આનંદ મેળવતાં. તે ભાઈ-બહેન કેવી મજાની ચર્ચા કરતા હતા, તેનો નમૂનો અહીં આપ્યો છે. તમે પણ તમારા ભાઈ—બેન સાથે ધર્મચર્ચા કરતાં જ હશો, ન કરતા હો તો હવે જરૂર કરજો. ધર્મચર્ચા માટે અત્યારનું મુહૂર્ત ઘણું સારું છે.)

ધર્મવતીબેન કહે : ભાઈ! અનંતકાળે આપણને આ મનુષ્ય અવતાર મળ્યો, તો હવે આ જીવનમાં શું કરવા જેવું છે?

આનંદકુમાર કહે : બહેન, મનુષ્યજીવનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરવા જેવી છે.

બેન : હેં ભાઈ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની આરાધના કેવી રીતે થાય?

ભાઈ : બેન! એ રત્નત્રયના મુખ્ય આરાધક તો મુનિવરો છે, તેઓ ચૈતન્યસ્વરૂપમાં લીનતા વડે રત્નત્રયને આરાધે છે.

બેન : ભાઈ! રત્નત્રયના 'મુખ્ય' આરાધક મુનિવરો છે, તો શું ગૃહસ્થોને પણ રત્નત્રયની આરાધના હોઈ શકે?

ભાઈ : હા બેન! એક અંશરૂપે રત્નત્રયની આરાધના ગૃહસ્થોને પણ હોઈ શકે છે.

બેન : આપણા જેવા નાના બાળક પણ શું રત્નત્રયની આરાધના કરી શકે?

ભાઈ : હાં, જરૂર કરી શકે, પણ તે રત્નત્રયનું મૂળબીજ સમ્યગ્દર્શન છે તેથી પહેલાં તેની આરાધના કરવી જોઈએ.

બેન : અહા! સમ્યગ્દર્શનનો તો અપાર મહિમા સાંભળ્યો છે. ભાઈ, તે સમ્યગ્દર્શનની આરાધના કેવી રીતે થાય?

ભાઈ : આત્માની ખરેખરી લગનીપૂર્વક, જ્ઞાની-સંતો પાસેથી તેની સમજણ કરવી જોઈએ, અને પછી અંતર્મુખ થઈને તેનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

ભાઈ : અહા, એનું શું વર્ણન કરવું! સિદ્ધ ભગવાન જેવો વચનાતીત આનંદ ત્યાં અનુભવાય છે.

બેન : હેં ભાઈ! તત્ત્વાર્થશ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે તો તત્ત્વો કેટલાં છે ?

ભાઈ : તત્ત્વો નવ છે, અને તે નવ તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

બેન : તે નવ તત્ત્વોના નામ કહો જોઈએ!

ભાઈ : જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—એ નવ તત્ત્વો છે.

બેન : આ નવ તત્ત્વોમાં ઉપાદેય તત્ત્વો ક્યા છે ?

ભાઈ : નવ તત્ત્વોમાંથી શુદ્ધ જીવતત્ત્વ ઉપાદેય છે. તેને ઉપાદેય કરતાં સંવર—નિર્જરા ને મોક્ષ પ્રગટે છે. બાકી અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ એ પાંચ તત્ત્વો રહ્યાં, તે પાંચ તત્ત્વો હેય છે.

બેન : વાહ! આજે સમ્યગ્દર્શનની અને હેય-ઉપાદેય તત્ત્વની ઘણી સરસ ચર્ચા થઈ, આના ઉપર ઊંડો વિચાર કરીને આપણે સમ્યગ્દર્શનનો પ્રયત્ન કરવો જોઈએ.

ભાઈ : હા, બેન! સૌએ એ જ કરવા જેવું છે. જીવનમાં તું એ જ પ્રયત્ન કરજે. એનાથી જ જીવનની સફળતા છે.

---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ)

અને દાન વડે જ ગૃહસ્થપણાની સફળતા છે. મુનિપણે વર્તતા તીર્થંકરને કે બીજા મહા મુનિઓને આહારદાન આપે ત્યાં રત્નવૃષ્ટિ થાય—એવો તો પાત્રદાનનો મહિમા છે. એકવાર આહારદાન-પ્રસંગે એક ધર્માત્માને ત્યાં રત્નવૃષ્ટિ થઈ, તે દેખીને બીજાને એમ થયું કે હું પણ દાન દઉં જેથી મારે ત્યાં પણ રત્નો વરસે.—આવી ભાવના સહિત આહારદાન દીધું; આહાર દેતો જાય ને આકાશ સામે જોતો જાય કે હમણાં મારા આંગણામાં રત્નો વરસશે!—પણ કાંઈ ન વરસ્યું.—જુઓ, આ દાન ન કહેવાય; એમાં તો મૂઢ જીવને લોભનું પોષણ છે. ધર્મી જીવ દાન આપે તેમાં તો તેને ગુણ પ્રત્યેનો પ્રમોદ છે ને રાગ ઘટાડવાની ભાવના છે. પહેલાં મૂઢપણામાં કુદેવ-કુગુરુ ઉપર જેવો પ્રેમ હતો તેના કરતાં અધિક પ્રેમ જો સાચા દેવ-ગુરુ પ્રત્યે ન આવે તો તેણે સાચા દેવ-ગુરુને ખરેખર ઓળખ્યા જ નથી, માન્યા નથી, તે દેવ-ગુરુનો ભક્ત નથી; એને તો સત્તાસ્વરૂપમાં કૂલટા સ્રીસમાન કહ્યો છે. (ક્રમશઃ)

## કહાન એક્સપ્રેસ સ્પેશ્યલ ટ્રેન દ્વારા શાશ્વત સિદ્ધિધામ શ્રી સમ્મેદશિખરજી આદિ તીર્થયાત્રા

તા. ૨૪-૧૦-૨૦૧૬ થી તા. ૬-૧૧-૨૦૧૬ દરમ્યાન યોજવામાં આવેલી શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી તીર્થયાત્રાનું શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાનું સંચાલન કુંદકુંદકહાન પરિવાર યુવક મંડળ દ્વારા કરવામાં આવશે. આ યાત્રાનું બુકીંગ તા. ૧૦-૭-૨૦૧૬ સુધી કરવામાં આવશે. આ યાત્રાની વિશેષ માહિતી માટે મહેશભાઈ શાહ, મલાડ (મો. ૦૯૦૨૯૦૨૮૬૬૧)નો સંપર્ક કરવો.

## શ્રી સમવસરણ ત્રિદિવસીય હીરકજયંતી મહોત્સવ સાનંદ સંપન્ન

પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અભૂતપૂર્વ પ્રભાવનાયોગે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સાતિશય જાતિસ્મરણજ્ઞાનના આધારે વિ.સં. ૧૯૯૮માં સુવર્ણપુરીમાં નિર્માપીત શ્રી સીમંધરસ્વામી સમવસરણ કે જેમાં સીમંધર કુંદકુંદમિલનના દર્શન થાય છે તે મંદિરનો હીરકજયંતી મહોત્સવ નારણદાસ કરશનજી શાહ પરિવાર, (રાણપુર) હાલ સુરેન્દ્રનગર તથા ચંદુલાલ શિવલાલ સંઘવી પરિવાર, અમદાવાદ દ્વારા અત્યંત આનંદપૂર્વક ઊજવવામાં આવ્યો. આ ઉત્સવ દરમ્યાન પરમાગમમંદિરમાં શ્રી સમવસરણવિધાન પૂજાનું આયોજન કરવામાં આવ્યું. તદુપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી ટેપ પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની ઑડિયો તત્ત્વચર્ચા, પ્રભાતફેરી, સાંજીભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ ભક્તિ-ઉલ્લાસ તથા અર્પણતાપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. તેમાં લગભગ ૫૦૦થી અધિક મુમુક્ષુઓ પધાર્યા હતા.

✻ પ્રશ્ન :—વાંચન-શ્રવણ-મનન કરવા છતાં આત્માનો અનુભવ કેમ થતો નથી ?

ઉત્તર :—વાંચન આદિ તો બધુ બહિર્મુખ છે ને આત્મવસ્તુ આખી અંતર્મુખ છે. એથી એને અંતર્મુખ થવું જોઈએ. પરને જાણવાનો ઉપયોગ સ્થૂલ છે તેને સૂક્ષ્મ કરી અંતર્મુખ કરવાનો છે. અંતરમાં ઊંડાણમાં જાય તો અનુભવ થાય. જ્ઞાયક....જ્ઞાયક...જ્ઞાયક છું, ધ્રુવ છું એવા અંતરમાં સંસ્કાર નાખે તો આત્માનું લક્ષ થઈને અનુભવ થાય જ.

✻ પ્રશ્ન :—શાસ્ત્ર દ્વારા મનથી આત્મા જાણ્યો હોય તેમાં આત્મા જણાયો કે નહિ ?

ઉત્તર :—એ તો શબ્દજ્ઞાન થયું. આત્મા તો જણાયો નથી. આત્મા તો આત્માથી જણાય છે. શુદ્ધ ઉપાદાનથી થયેલાં જ્ઞાનમાં સાથે આનંદ આવે પણ અશુદ્ધ ઉપાદાનથી થયેલાં જ્ઞાનમાં સાથે આનંદ આવે નહિ અને આનંદ આવ્યા વિના આત્મા ખરેખર જાણવામાં આવતો નથી. **પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

પરમાગમસાર બોલ ૬૬-૬૭

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પંચાસ્તિકાયસંગ્રહ) |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

**આર્દ્રા નક્ષત્ર :** તા. ૨૧-૬-૨૦૧૬, જેઠ વદ-૧, મંગળવારની રાત્રે ૧૧.૦૧ આર્દ્રા નક્ષત્ર બેસે છે.

**અષ્ટાહ્નિકા પર્વ :** અષાઢ સુદ-૮, મંગળવાર, તા. ૧૨-૭-૨૦૧૬ થી તા. ૧૯-૭-૨૦૧૬ અષાઢ સુદ-૧૫, મંગળવાર સુધી આઠ દિવસ સુવર્ણપુરીમાં નંદીશ્વર જિનાલયમાં નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ સહ ઉજવવામાં આવશે.

**વીરશાસન જયંતી :**અષાઢ વદ-૧, બુધવાર, તા. ૨૦-૭-૨૦૧૬ના રોજ શ્રી વીરશાસનજયંતી વિશેષ પૂજાભક્તિ પૂર્વક ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

ભાવનગરનિવાસી શ્રી નવીનચંદ્ર પી. બંદા (ઉ.વ. ૭૨)નું દેહપરિવર્તન તા. ૧૨-૫-૨૦૧૬ના રોજ થયેલ છે.

કલકત્તાનિવાસી (હાલ અમદાવાદ) શ્રી શારદાબેન શિવલાલ દેસાઈ (તે શ્રી સુરેશભાઈ તથા કિશોરભાઈના માતુશ્રી) (ઉ.વ. ૯૩)નું દેહ પરિવર્તન તા. ૨૮-૫-૨૦૧૬ના રોજ શાંત પરિણામપૂર્વક થયેલ છે.

મોરબીનિવાસી (હાલ ઘાટકોપર) યશવંતભાઈ ચંદુલાલ પારેખ (ઉ.વ. ૭૫)નું તા. ૩૦-૫-૨૦૧૬ના રોજ દેહ પરિવર્તન થયું છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૩૭)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

### (જીવના ભાવ સંબંધી પ્રશ્નોત્તર)

(૧) જગતમાં ઉપશમ કરતાં ક્ષાયિકભાવવાળા જીવો કેટલા ? ......................

(૨) સંસારદશામાં સદાય નિયમથી સાથે જ હોય—એવા ભાવ ક્યા ?
૧...................... ૨......................

(૩) સીમંધર ભગવાનને અત્યારે ક્યા ક્યા ભાવો છે ?
૧...................... ૨...................... ૩......................

(૪) મહાવીર ભગવાનને અત્યારે ક્યા ક્યા ભાવો છે ?
૧...................... ૨......................

(૫) સીમંધર ભગવાનના ગણધરને અત્યારે ક્યા ક્યા ભાવો સંભવી શકે ?................

(૬) પાંચ ભાવોમાંથી બંધનું કારણ ક્યો ભાવ ? ......................

(૭) પાંચ ભાવોમાંથી મોક્ષનું કારણ ક્યા ભાવ ?
૧...................... ૨...................... ૩......................

(૮) બંધ-મોક્ષ વગરનો ભાવ ક્યો ? ......................

(૯) ઉદયભાવના ગુણસ્થાનો ક્યા ક્યા ? ......................

(૧૦) ઉપશમભાવના ગુણસ્થાનો ક્યા ક્યા ? ......................

(૧૧) ક્ષયોપશમભાવના ગુણસ્થાનો ક્યા ક્યા ? ......................

(૧૨) ક્ષાયિકભાવના ગુણસ્થાનો ક્યા ક્યા ? ......................

(૧૩) ઉપશમભાવવાળા જીવો કેટલા ? ......................

(૧૪) સંસારમાં ઉપશમભાવવાળા કરતાં ક્ષાયિકભાવવાળા જીવો કેટલા ? ....................

(૧૫) સાધકદશાની પૂર્ણતા ક્યા ભાવે ? ......................

(૧૬) સંસારમાં ક્ષયોપશમસમકિતી વધારે કે ક્ષાયિક સમકિતી ? ......................

(૧૭) સીમંધરનાથમાં ન હોય ને આપણામાં હોય તે ક્યો ભાવ ? ......................

(૧૮) સીમંધરનાથમાં હોય ને આપણામાં અત્યારે ન હોય તે ક્યો ભાવ ?...................

(૧૯) સીમંધરનાથમાં હોય ને આપણામાં હોય—તે ક્યો ભાવ ?
૧...................... ૨......................

(૨૦) કેવળજ્ઞાન થાય ત્યારે ક્યો ભાવ આત્મામાંથી ઓછો થાય ? ......................

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો જૂન-૨૦૧૬ના ઉત્તરો

(૧) કેવળજ્ઞાન થાય ત્યારે
(૨) ઉપશમભાવ
(૩) ઉદયભાવ અને ક્ષયોપશમભાવ
(૪) ઉદયભાવ
(૫) ક્ષયોપશમજ્ઞાન
(૬) ક્ષાયિકભાવ
(૭) કેવળજ્ઞાન
(૮) ૨
(૯) ૯
(૧૦) ૧૮
(૧૧) ૨૧
(૧૨) પારિણામિકભાવ
(૧૩) ઉપશમભાવ અને ક્ષાયિક
(૧૪) ઉપશમભાવ
(૧૫) ક્ષાયોપશમિકભાવ
(૧૬) ક્ષયોપશમભાવ
(૧૭) ઉપશમભાવ
(૧૮) ઉદયભાવ
(૧૯) ઉપશમ, ક્ષાયિક અને સમ્યગ્દર્શન સહિત હોય તો ક્ષયોપશમ
(૨૦) ઉપશમભાવ

## (૩૭)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.)

(૧) જે અરિહંતોને ગંધકૂટી ઈત્યાદિ વિશેષતા ન હોય તેમને ................ કેવળી કહેવાય છે. (સાતિશય, સામાન્ય, ઉપસર્ગ)

(૨) અંતરંગ તથા બાહ્ય પરિગ્રહ થઈ કુલ ............... પ્રકાર છે.(૨૪, ૧૦, ૧૪)

(૩) કર્મોના પરમાણુઓની સંખ્યાને .................... બંધ કહે છે. (પ્રદેશ, સ્થિતિ, અનુભાગ)

(૪) માનસિક આહાર ................. ના જીવોને હોય છે. (નારકી, તિર્યંચ, દેવ)

(૫) સમવસરણની આઠ ભૂમિમાં પ્રથમ ભૂમિનું નામ ................ ભૂમિ છે. (ઉપવન, ભવન, ચૈત્યપ્રસાદ)

(૬) ............... જ્ઞાન એ મિથ્યાજ્ઞાન હોઈ શકે નહીં. (અવધિ, મનઃપર્યય, શ્રુત)

(૭) સતશાસ્ત્રના અભ્યાસમાં ................. ને મહત્વ આપવું જોઈએ. (ભાવાર્થ, નયાર્થ, શબ્દાર્થ)

(૮) એક ગુણના આશ્રયે બીજો ગુણ હોય તો તે ગુણ પોતે ................ થઈ જાય. (નષ્ટ, દ્રવ્ય, પર્યાય)

(૯) જે કષાયથી જીવ સકળ ચારિત્રને ગ્રહણ કરી શકે નહીં તેને .............. કષાય કહે છે. (અપ્રત્યાખ્યાન, અનંતાનુબંધી, પ્રત્યાખ્યાન)

(૧૦) બીજા પાસે કરાવવાનો ભાવ તેને ................. કહેવાય છે.(કૃત, અનુમત, કારિત)

(૧૧) દર્શન ઉપયોગના ............... ભેદ છે. (ચાર, છ, ત્રણ)

(૧૨) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે ..................ની નિયમથી જરૂર પડે છે. (દેશનાલબ્ધિ, પુણ્યનો ઉદય, મનુષ્યપણા)

(૧૩) સમ્યગ્દૃષ્ટિને ................. પણ કહેવામાં આવે છે. (વ્યવહારદૃષ્ટિ, પરાશ્રિતદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ)

(૧૪) ............... ભગવાનના જન્મ, તપ, કેવળજ્ઞાન અને મોક્ષ કલ્યાણક એક જ દિવસે છે. (અરહનાથ, આદિનાથ, સુમતિનાથ)

(૧૫) મુનિ વગેરેને માટે આહાર, કમંડળ, પીંછી આદિનું દાન દેવું તે ................. છે. (અતિથિસંવિભાગ, અનર્થદંડવ્રત, દિગ્વ્રત)

(૧૬) સાતમા સુપાર્શ્વનાથ ભગવાનના શરીરનો વર્ણ ......... હતો. (સુવર્ણ, હરિત, નીલ)

(૧૭) મુનિને આપવામાં આવતા દાનમાં દાતારના સાત ગુણોમાં દાન આપવામાં પ્રસન્નતા હોવી તેને ................ કહે છે. (મુદિત, નિષ્કપટતા, ક્ષાંતિ)

(૧૮) સ્વયંભૂસ્તોત્રની રચના ................ આચાર્યદેવે કરેલ છે. (યોગીન્દુ, જિનસેન, સમંતભદ્ર)

(૧૯) દશ પ્રાણ પૈકી જીવોને .................. પ્રાણ હોય છે. (દશ, આઠ, છ)

(૨૦) ખોટું બોલવામાં આનંદ માનવો તેને ................... રૌદ્રધ્યાન કહે છે. (હિંસાનંદિ, ચૌર્યાનંદિ, મૃષાનંદિ)

---

## બાળકો માટેના આપેલ
## પ્રશ્ન જૂન–૨૦૧૬ના ઉત્તર

(૧) આદિનાથ અને ભરત
(૨) મહાવીર ભગવાન
(૩) નમિનાથ ભગવાન
(૪) શીતલનાથ ભગવાન
(૫) આદિનાથ ભગવાન
(૬) આદિનાથ ભગવાન
(૭) મહાવીર ભગવાન
(૮) આદિનાથ ભગવાન
(૯) શાંતિનાથ ભગવાન
(૧૦) આદિનાથ ભગવાન
(૧૧) શાંતિનાથ, કુંથુનાથ, અરહનાથ
(૧૨) આદિનાથ ભગવાન
(૧૩) મલ્લિનાથ ભગવાન
(૧૪) મલ્લિનાથ ભગવાન
(૧૫) સુમતિનાથ ભગવાન
(૧૬) પાર્શ્વનાથ ભગવાન
(૧૭) નેમિનાથ ભગવાન
(૧૮) નેમિનાથ ભગવાન
(૧૯) નેમિનાથ ભગવાન
(૨૦) મહાવીર ભગવાન

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● 'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતા આત્મા શરીરરૂપ નથી, વાણીરૂપ નથી, પુણ્ય-પાપરૂપ નથી ને એક સમયની પર્યાયમાત્ર પણ નથી. 'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતાં જ્ઞાન દર્શન, અકાર્યકારણ, ભાવ આદિ અનંત શક્તિમય આત્મા છે. પ્રભુ ! તારા ઘરની શી વાત ! તારામાં અનંતી શક્તિઓ ભરી પડી છે ને એક-એક શક્તિ અનંત સામર્થ્યવાન છે, એક-એક શક્તિ અનંત ગુણોમાં વ્યાપક છે, એક-એક શક્તિમાં બીજી અનંત શક્તિનું રૂપ છે, એક-એક શક્તિ બીજી અનંત શક્તિમાં નિમિત્ત છે. એવી એક-એક શક્તિમાં અનંતી પર્યાય છે, તે પર્યાય ક્રમે ક્રમે થતી હોવાથી ક્રમવર્તી છે, તથા અનંતી શક્તિઓ એક સાથે રહેતી હોવાથી તે અક્રમવર્તી છે. એ અક્રમવર્તી ને ક્રમવર્તી ગુણ-પર્યાયનો પિંડ તે આત્મદ્રવ્ય છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ પણ શુદ્ધ છે તેથી તેની દૃષ્ટિ કરતાં પરિણમન પણ શુદ્ધ જ હોય. ૧૭૦.

● જ્ઞાનમાત્ર વસ્તુ છું એવી દૃષ્ટિ થતાં પર્યાયમાં જીવત્વશક્તિનું પરિણમન થયું તેની સાથે જ્ઞાન-દર્શન-આનંદ અકાર્યકારણત્વ આદિ અનંતી શક્તિની પર્યાય ઉછળે છે—પ્રગટ થાય છે.

પ્રશ્ન :—ઉછળે છે એટલે શું ?

ઉત્તર :—દ્રવ્ય વસ્તુ છે, તેમાં અનંતી શક્તિઓ છે, એક શક્તિનું જ્યારે પરિણમન થાય છે ત્યારે અનંતી શક્તિની પરિણતિ એક સાથે ઉત્પન્ન થાય છે તેને ઉછળે છે એમ કહેવામાં આવે છે. ૧૭૧.

● અતીન્દ્રિય આનંદની મૂર્તિ સ્વરૂપ ભગવાન આત્માના અનુભવ માટે નિમિત્ત કે વ્યવહારરત્નત્રયના રાગના અવલંબનની બિલકુલ જરૂર નથી, કેમકે પોતાના શુદ્ધ સ્વરૂપને જીવ પોતે પોતાની મેળે અનુભવવા સમર્થ છે. ભગવાનની વાણીથી અનુભવ થાય કે ગુરુના ઉપદેશથી અનુભવ થાય એમ છે જ નહીં. પોતાની મેળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાના સામર્થ્ય વડે જીવદ્રવ્ય શોભાયમાન છે. પોતે પોતાની મેળે શુદ્ધ સ્વરૂપને અનુભવતો થકો સમસ્ત જગતના સાક્ષીભાવે શોભા પામે છે, માટે પરની કે રાગની અપેક્ષા વિના તારા શુદ્ધ સ્વરૂપને તું અનુભવ. ૧૭૨.

Posted at Songadh PO
Publish on 1-7-2016
Posted on 1-7-2016

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**